॥ શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથાય નમઃ ॥

''અમૃત વચન''
ભગવાન જેને અપનાવે છે એના જીવનમાં પહેલા દુઃખ મોકલે છે, જેથી એ સંસારથી ઉપરામ થઇ જાય. સંસારથી ઉપરતિ એ ભગવતપ્રીતિનું કારણ બની જાય છે.

Published Day : Wednesday
Price : 2 /-

પદ્મ પ્રકાશ કુંજ

PRESS REGISTRAR
GENERAL OF INDIA (PRGI)
Registration Number
GJGUJ/25/A2764

Annual Subscription
Price : 100 /-

Mob : 9499797973 - Email : padmaprakashkunj@gmail.com - Year : 02, Issue: 55, Dt. 25/11/2026, Page : 8

Padm PrakashKunj (Weekly) - Editor, Publisher, Printer & Owner : Doshi Saurabh Pradipbhai , Place Of Publication : Office - 1, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 364515 - Dist : Amreli Gujarat, Printed At : Prakash Printers Office 2, Darbargadh, Main bazar, Taluko Savarkundla - 3645154 Dist : Amreli Gujarat

તંત્રી સ્થાનેથી...

સૌરભ પી. દોશી
તંત્રી, પદ્મ પ્રકાશ કુંજ



રીલ્સ, ગેમ્સ અને સોશિયલ મીડિયાનું એડિકશન : યુવાનોનું ભવિષ્ય ડૂબતું જોઈ રહ્યા છીએ?

આજનો યુવા અને બાળકો એક અદૃશ્ય પણ અત્યંત ખતરનાક ઝેરથી ઘેરાયેલા છે. રીલ્સ, ઓનલાઈન ગેમ્સ અને સોશિયલ મીડિયાનું અતિરેકી આસક્તિ. આ એડિક્શન હવે માત્ર સમય પસાર કરવાનું સાધન રહ્યું નથી; તે આખા પેઢીના સ્વભાવ, ધ્યાન અને ધ્યેયને ધીમે ધીમે ખોરવી રહ્યું છે.

જે બાળકો અને યુવાનો પહેલાં પુસ્તકોમાં ડૂબી જતા, રમતગમતમાં ઉમંગથી ભાગ લેતા કે કુટુંબ સાથે વાતચીત કરતા, તે આજે મોબાઈલની સ્ક્રીનમાં કાલ્પનિક દુનિયામાં ખોવાઈ ગયા છે. નવા કામકાજમાં મન ન લાગવું, જીદ્દી સ્વભાવ વિકસવો, વાસ્તવિક જીવનની જવાબદારીઓથી દૂર રહેવુંઆ બધું આજનું સામાન્ય સ્ટેટસ બની ગયું છે. એક કાલ્પનિક વિશ્વમાં જીવતા આ યુવાનો વાસ્તવિક સપનાં ભૂલી રહ્યા છે. પરિણામે અભ્યાસમાં પાછળ પડવું, કારકિર્દીના નિર્ણયોમાં મૂંઝવણ અને માનસિક અસ્થિરતા વધી રહી છે.

આ સમસ્યાનો એક સરળ પણ અસરકારક ઉપાય દરેક પરિવારમાં હાજર હોવો જોઈએએક સારું અખબાર. દરરોજ માત્ર બે કલાક મોબાઈલથી દૂર રહીને અખબાર વાંચવાથી રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય અને સ્થાનિક માહિતી મળે છે. સરકારની નવી યોજનાઓ, નાણાકીય બાબતો, સામાજિક મુદ્દાઓ અને રસપ્રદ લેખો વાંચનારને વાસ્તવિક દુનિયા સાથે જોડે છે. જે વ્યક્તિ નિયમિત અખબાર વાંચે છે, તેનું જીવન ધીમે ધીમે બદલાય છે. તેનું ધ્યાન કેન્દ્રિત થાય છે, વિચારો પરિપક્વ બને છે અને ધ્યેય પ્રત્યે મક્કમતા આવે છે.

મોબાઈલ અને સોશિયલ મીડિયા પોતે દુષ્ટ નથી. જો તેનો ઉપયોગ કામ, વ્યવસાય, શિક્ષણ કે જરૂરી માહિતી માટે થાય તો તે વરદાન છે. પરંતુ જ્યારે તે માત્ર ટાઈમપાસ, મનોરંજન અને અનંત સ્ક્રોલિંગ માટે વપરાય ત્યારે તે યુવાનોનું સૌથી મોટું શત્રુ બની જાય છે. આજે જરૂર છે સંતુલનની. ટેકનોલોજીને સાધન બનાવો, માલિક નહીં.

સમય આવી ગયો છે બદલાવ લાવવાનો. કહેવત છે કે "જાગો ત્યારથી સવાર." આજથી જ નક્કી કરો કે મોબાઈલનો ઉપયોગ મર્યાદિત રાખશો, અખબાર વાંચશો, પરિવાર સાથે સમય વિતાવશો અને વાસ્તવિક ધ્યેયો તરફ વળશો. માતા-પિતાએ પણ ઉદાહરણ પૂરું પાડવું જોઈએ. યુવાનોને સમજાવવું જોઈએ કે સ્ક્રીન પરની સફળતા કાચી છે; વાસ્તવિક સફળતા મહેનત, ધ્યાન અને સ્વ-નિયંત્રણથી મળે છે.

જો આજે આપણે જાગૃત ન થઈએ તો આવતીકાલે આપણા યુવાનો કાલ્પનિક દુનિયાના કેદીઓ બનીને રહી જશે.



અમરેલીમાં શિયાળાની આકરી ઠંડીનો પ્રારંભ; વહેલી સવારે 12.8 ડિગ્રી તાપમાનથી જનજીવન ઠંડીમાં ઠુંઠવાયું

અમરેલી પંથકમાં શિયાળાની શરૂઆત સાથે જ ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર-પાંચ દિવસથી વાતાવરણમાં હળવી હુંફ અનુભવાતી હતી, પરંતુ હવે અચાનક ઠંડીએ પોતાનું જોર બતાવવાનું શરૂ કર્યું છે. 21 નવેમ્બર 2026 શનિવારે 11.4 ડિગ્રી ન્યૂનતમ તાપમાન સાથે અમરેલી શહેર રાજ્યનું સૌથી ઠંડું શહેર બન્યું હતું, જ્યારે 22 નવેમ્બર 2026 રવિવારે પણ ઠંડીનો માહોલ યથાવત્ રહ્યો હતો. વહેલી સવારે શહેરનું ન્યૂનતમ તાપમાન 12.8 ડિગ્રી નોંધાતા ઠંડા પવન અને ઠંડકના કારણે લોકો ઠંડીથી ઠુંઠવાયા હતા.અમરેલી જિલ્લામાં દર વર્ષે શિયાળાની ઋતુ દરમિયાન ઠંડીનો વિશેષ પ્રભાવ જોવા મળતો હોય છે. ચાલુ વર્ષે પણ શિયાળાની શરૂઆતમાં જ ઠંડીના મિજાજે લોકોને તેનો અહેસાસ કરાવી દીધો છે. શુક્રવાર સુધી વાતાવરણ પ્રમાણમાં હુંફાળું રહેતા લોકોને ઠંડીની ખાસ અસર અનુભવાતી નહોતી, પરંતુ શનિવારથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં શિયાળાની પ્રથમ આકરી ઠંડીનો અનુભવ થયો હતો. શનિવારે અમરેલી શહેરમાં 11.4 ડિગ્રી તાપમાન નોંધાયું હતું, જેના કારણે સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડા શહેર તરીકે અમરેલી નોંધાયું હતું.22 નવેમ્બર 2026 રવિવારે પણ ઠંડીનું મોજું યથાવત્ રહ્યું હતું. વહેલી સવારે 12.8 ડિગ્રી ન્યૂનતમ તાપમાન નોંધાતા સવારના સમયે ઠંડીનો ચમકારો અનુભવાયો હતો. ખાસ કરીને વહેલી સવારે બહાર નીકળતા લોકો, વાહનચાલકો અને રોજિંદા કામકાજ માટે જતા નાગરિકોને ઠંડીનો સામનો કરવો પડ્યો હતો. શિયાળાની શરૂઆતમાં જ ઠંડીના વધતા પ્રભાવને પગલે લોકો ગરમ કપડાંનો સહારો લેતા જોવા મળ્યા હતા.જોકે, અમરેલી શહેરમાં દિવસ દરમિયાન તાપમાનમાં વધારો થવાને કારણે બપોરના સમયે વાતાવરણમાં થોડો ફેરફાર જોવા મળ્યો હતો. આજે શહેરનું મહત્તમ તાપમાન 32.7 ડિગ્રી નોંધાયું હતું, જેના કારણે બપોરના સમયે હળવી ગરમીનો અનુભવ થયો હતો. આમ, વહેલી સવારે ઠંડી અને બપોરે હળવી ગરમી એમ દિવસ દરમિયાન તાપમાનમાં નોંધપાત્ર તફાવત જોવા મળ્યો હતો. શહેરમાં હવામાં ભેજનું પ્રમાણ 45 ટકા નોંધાયું હતું.

હવામાનની સ્થિતિ મુજબ અમરેલી પંથકમાં ઠંડીનું આ મોજું આગામી એકથી બે દિવસ સુધી યથાવત્ રહેવાની શક્યતા છે. ત્યારબાદ તાપમાનમાં આંશિક વધારો થતાં ઠંડીના પ્રભાવમાં થોડો ઘટાડો થઈ શકે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગિરનારની ગોદમાં ગુંજ્યો ભક્તિનો જયઘોષ, 7.90 લાખ શ્રદ્ધાળુઓ એ પુણ્યનું ભાથુ બાંધ્યું

આસ્થા, શ્રદ્ધા, ભક્તિ અને સેવાભાવના અદભુત સંગમ સમાન ગિરનારની પાવનકારી લીલી પરિક્રમાની પાંચ દિવસીય યાત્રા તા. 24 નવેમ્બર, 2026 મંગળવારની મધરાત્રે 1200 વાગ્યે સત્તાવાર રીતે પૂર્ણ થશે. આ વર્ષે અંદાજે 7.90 લાખ ભાવિકોએ પવિત્ર પરિક્રમા પૂર્ણ કરી ધન્યતા અનુભવી હતી અને પોતાના જીવનમાં પુણ્યનું ભાથું બાંધ્યું હતું.આ વર્ષે પરિક્રમાને લઈને ભાવિકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ગુજરાત સહિત દેશના વિવિધ વિસ્તારોમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ગિરનારની પાવન ભૂમિ પર ઉમટી પડ્યા હતા.

ભજન, ભોજન અને ભક્તિના ત્રિવેણી સંગમ સમી આ પરિક્રમામાં ભાવિકોએ ગિરનારના કુદરતી સૌંદર્ય અને પવિત્ર વાતાવરણ વચ્ચે પગપાળા યાત્રા કરી હતી.પરિક્રમાના અંતિમ દિવસે જંગલમાં બાકી રહેલા યાત્રિકો પણ છેલ્લા પડાવ બોરદેવી ખાતે પહોંચી ભવનાથ તરફ પ્રયાણ કરતા જોવા મળ્યા હતા. છેલ્લા પાંચ દિવસથી લાખો ભાવિકોની અવરજવરથી ધમધમતા પરિક્રમા માર્ગ પર હવે યાત્રિકોની સંખ્યા ખૂબ જ ઓછી થઈ ગઈ હતી. થોડા દિવસો અગાઉ જ્યાં ભાવિકોની લાંબી કતારો અને માનવ મહેરામણ જોવા મળતું હતું તે જ પ્રવેશદ્વાર હવે સૂમસામ બન્યું હતું.પરિક્રમાના માર્ગ પર આવેલા નળપાણીની ઘોડી સહિતના વિવિધ સ્થળોએ પણ હવે યાત્રિકોની સંખ્યા ઘટીને હજારોમાં સીમિત થઈ ગઈ હતી.

એક સમયે 24 કલાક દરમિયાન લાખોની સંખ્યામાં ભાવિકોની અવરજવરથી ધમધમતા આ સ્થળોએ હવે શાંતિ છવાઈ ગઈ હતી. પરિક્રમાના પ્રવેશદ્વારથી લઈને જંગલના અંતિમ પડાવ સુધીનો સમગ્ર વિસ્તાર ધીમે ધીમે ખાલી થવા લાગ્યો હતો.બીજી તરફ, પાંચ દિવસ સુધી નિ:સ્વાર્થ ભાવે યાત્રિકોની સેવા કરતા વિવિધ સેવાભાવી મંડળો, અન્નક્ષેત્રો, ઉતારા મંડળો અને સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ પોતાનો સેવાયજ્ઞ પૂર્ણ કરી સામાન સમેટવાનું શરૂ કર્યું હતું. રસોડાં, મંડપો, વાસણો, પાણીની ટાંકીઓ અને અન્ય સામગ્રી વાહનોમાં ભરી સંસ્થાઓના સેવાભાવી કાર્યકરો પોતાના વતન તરફ પરત ફર્યા હતા.લાખો ભાવિકોની સુખદ અને સુરક્ષિત યાત્રા સંપન્ન થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર, વન વિભાગ, પોલીસ તંત્ર, આરોગ્ય વિભાગ તેમજ વિવિધ સેવાભાવી સંસ્થાઓએ સંકલન સાથે મહત્વપૂર્ણ કામગીરી કરી હતી.આમ, પાંચ દિવસ સુધી ભક્તિ અને આસ્થાના મહાસાગરથી છલકાતું ગિરનારનું જંગલ ફરી એકવાર પોતાની કુદરતી શાંતિમાં પરત ફર્યું હતું. 7.90 લાખ ભાવિકોની શ્રદ્ધા, સેવાભાવી સંસ્થાઓનો સેવાયજ્ઞ અને તંત્રના સંકલિત પ્રયાસો સાથે વર્ષ 2026ની ગિરનાર લીલી પરિક્રમાની યાદગાર પૂર્ણાહુતિ આજે રાત્રે 1200 વાગ્યે સત્તાવાર થશે.

જમીનના ૭/૧૨ અને ૮અ માંથી હકદાર વ્યક્તિનું નામ અકારણ કમી થઈ ગયું હોય તો ફરી તે નામ દાખલ થઈ શકે ???



કાયદાની કલમે...

નિલેશભાઈ એન. ચૌહાણ
એડ્વોકેટ, ગુજરાત હાઇકોર્ટ (M.Com, LL.B.)

નમસ્કાર વાંચકમિત્રો,

જમીનના ૭/૧૨ અથવા ૮-અ ના રેકોર્ડમાંથી જો કોઈ વારસદાર કે હકદારનું નામ કમી થઈ ગયું હોય, તો ચોક્કસપણે *ફરીથી નામ દાખલ થઈ શકે છે*, પરંતુ તે માટે કાયદેસરની પ્રક્રિયા અને મિલકતની હાલની સ્થિતિ કેવી છે તે જોવું પડે છે.

નામ કમી થવાના કારણો અને તેને ફરીથી દાખલ કરાવવાની પદ્ધતિઓ નીચે મુજબ છે

*૧. કયા સંજોગોમાં નામ ફરીથી દાખલ થઈ શકે?

* વારસાઈ નોંધમાં નામ રહી ગયું હોય (Omission in Succession)* જો અગાઉ કોઈ વડવા કે વારસદારના અવસાન પછી વારસાઈ એન્ટ્રી (Mutation) પડતી વખતે ભુલથી કે અજાણતાં કોઈ હકદાર વારસદારનું નામ બાકી રહી ગયું હોય, તો તે નામ ફરી ચડાવી શકાય છે.

ગેરકાયદેસર કે એકતરફી નામ કમી થયું હોય જો તમારી જાણ બહાર, કોઈ ખોટા પુરાવા રજૂ કરીને અથવા કાનૂની પ્રક્રિયાનું પાલન કર્યા વગર તમારું નામ કમી કરી દેવામાં આવ્યું હોય, તો તે સુધારી શકાય છે.

*અદાલતી હુકમથી (Court Decree)- જો સિવિલ કોર્ટમાં હકકપાર કે ભાગીદારીનો દાવો જીતી ગયા હોવ, તો કોર્ટના હુકમ આધારે નામ પુન: દાખલ થાય છે.

* ૨. નામ ફરીથી દાખલ કરાવવાની પ્રક્રિયા (Step-by-Step Process)- સ્ટેપ ૧ - તલાટી કે મામલતદાર સમક્ષ અરજી* જે-તે ગામના તલાટી કમ મંત્રી અથવા સિટી સર્વે સુપરિન્ટેન્ડન્ટ સમક્ષ લેખિત અરજી કરવી પડે છે.

* અરજી સાથે મૃતકનું મરણ દાખલો, તમારો સંબંધ દર્શાવતા પુરાવા (જન્મ મરણના દાખલા, આધાર કાર્ડ, રેશનકાર્ડ) અને જૂના ૭/૧૨ ના રેકોર્ડ રજૂ કરવા પડે છે.

*સ્ટેપ ૨ વાંધા-સૂચન અને વારસાઈ એન્ટ્રી (Mutation Entry)

* જો નામ વારસાઈના કારણે કમી થયું હોય, તો તમામ હકદાર વારસદારોની પરવાનગી (સંમતિ પત્રક) સાથે નવી વારસાઈ એન્ટ્રી પાડવા માટે અરજી આપી શકાય છે.

* તલાટી દ્વારા નોટિસ આપવામાં આવે છે અને જો કોઈનો વાંધો ન હોય, તો કાનૂની નિયમો મુજબ નવી એન્ટ્રી મંજૂર કરીને નામ ચડાવી દેવામાં આવે છે.

*સ્ટેપ ૩ - જો રેવન્યુ અધિકારી નામ ન ચડાવે તો (Appeal / Revision)

* જો તલાટી કે મામલતદાર નામ દાખલ કરવાનો ઇનકાર કરે, તો તમે પ્રાંત અધિકારી (Dy. Collector) સમક્ષ મહેસૂલી અપીલ (Revision/ Appeal) દાખલ કરી શકો છો.

* જો મિલકતની માલિકીનો ગંભીર વિવાદ હોય (કોઈએ ખોટા વેચાણ દસ્તાવેજથી નામ કઢાવી લીધું હોય), તો તમારે સિવિલ કોર્ટમાં 'ડિક્લરેશન એન્ડ પોઝેશન' (Declaration Suit) નો દાવો કરીને કોર્ટના હુકમ દ્વારા નામ પુન: રેકોર્ડ પર લાવવું પડે છે.

રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજુલા તાલુકાના ઝાંપોદર મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા પ્રગતિશીલ ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી



રાજ્યપાલશ્રીએ ચુરિયા સહિતના રાસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ ત્યાગીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે ખેડૂતોને આહ્વાન કર્યું

પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લઈ વિવિધ ફળ અને શાકભાજીના પાકનું નિરીક્ષણ કરી ખેડૂતો સાથે પ્રત્યક્ષ સંવાદ કરતાં રાજ્યપાલશ્રી

જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકીની ઉપસ્થિતિ







અમરેલી તા. ૧૮ નવેમ્બર,૨૦૨૬ - આજરોજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ અમરેલી જિલ્લાના રાજુલાના તાલુકાના ઝાંપોદર (જુની માંદરડી રોડ સ્થિત) મુકામે પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂત દાનાભાઈ લાડુમોરના ખેતરની મુલાકાત લીધી હતી. રાજ્યપાલશ્રીએ અહીં આંબા, વિવિધ ફળ અને શાકભાજી સહિતના પાકનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરી ખેડૂતો સાથે સંવાદ કર્યો હતો.

આ મુલાકાત વેળાએ રાજ્યપાલશ્રીએ ખેડૂતોને ચુરિયા સહિત રાસાયણિક ખાતરયુક્ત અને જંતુનાશક દવાઓયુક્ત ખેતી છોડીને ગૌ આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવવા માટે આહ્વાન કર્યું હતું. તેમણે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અપનાવી લોક કલ્યાણકારી ખેતી અપનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતુ. રાજ્યપાલશ્રીએ આ મુલાકાત દરમિયાન ખેડૂતો સાથે આત્મીયતાભર્યો સંવાદ કર્યો હતો તથા પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતોના પ્રોત્સાહક અનુભવો જાણી હર્ષ વ્યક્ત કર્યો હતો.રાજ્યપાલશ્રીની મુલાકાત વેળાએ જિલ્લા પ્રભારી અને કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી, સાવરકુંડલા ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, રાજુલા ધારાસભ્ય શ્રી હિરાભાઈ સોલંકી પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રાકૃતિક કૃષિકાર દાનાભાઈ લાડુમોરના ફાર્મ ખાતે કૃષિ વૈજ્ઞાનિક દ્વારા ઉપસ્થિત સર્વે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ, તેનું મહત્વ અને જીવામૃત, ધનજીવામૃત તૈયાર કરવાની પદ્ધતિનું વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રીએ ખેડૂતોને સંબોધતા જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગ સતત વધી રહ્યું છે, તેની નકારાત્મક અસરો માત્ર જળ,જમીન અને વાયુ પર નહીં, પરંતુ સાથે સાથે માનવીય જીવન પર પણ પડી રહી છે. કેન્સર સહીતના જીવલેણ રોગ સતત વધી રહ્યા છે. રાસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓના વધુ પડતા અવિવેકી ઉપયોગથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું સ્તર સતત ઘટી રહ્યું છે. આપણો ખોરાક હવે ગુણવત્તા ગુમાવી રહ્યો છે. જમીન પ્રદૂષિત બનીને બંજર બની રહી છે. રાજ્યપાલશ્રીએ વર્તમાનની સાથે ભવિષ્યનો વિચાર કરીને પરિવારની જરૂરીયાત પ્રમાણે થોડી જમીનમાં ગૌ આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવી જોઈએ એ વિચાર પર વાત આગળ વધારતા ભારપૂર્વક જણાવ્યું કે, પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ એ પુણ્યનું કામ છે, પ્રાકૃતિક કૃષિ કરવાથી આવકમાં ઘટાડો થાય છે, તે ધારણા મૂળમાંથી જ ખોટી સાબિત થઈ રહી છે. ઝાંપોદર મુકામે રાજ્યપાલશ્રીની પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત વેળાએ રાજુલાના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીષભાઈ ડેર, સ્થાનિક આગેવાનો અને અગ્રણીશ્રીઓ, જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી મોર્ય, સુપર ન્યુમરરી આસિસ્ટન્ટ કલેક્ટર શ્રી હર્ષિતા ગોયલ, એ.એસ.પી શ્રી જયવીર ગઢવી, રાજુલા પ્રાંત અધિકારી શ્રી અક્ષર વ્યાસ સહિતના અધિકારીશ્રીઓ, બહોળી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા.

ભારતીય સોફ્ટ ટેનિસ ક્ષેત્રે મહેશભાઈ કસવાલાની આંતરરાષ્ટ્રીય સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા અભિનંદન

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય અને ભારતીય એમેચ્યોર સોફ્ટ ટેનિસ ફેડરેશનના અધ્યક્ષશ્રી મહેશભાઈ કસવાલા એશિયન સોફ્ટ ટેનિસ ફેડરેશનના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાઈ આવતા ભારતીય રમતગમત ક્ષેત્રે ગૌરવપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. તેમની આ પ્રતિષ્ઠિત સિદ્ધિ બદલ શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા પૂજ્ય સ્વામીજી તથા ગુરુકુળના ખેલાડીઓ તરફથી હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

આંતરરાષ્ટ્રીય રમતગમત ક્ષેત્રે પ્રાપ્ત થયેલી આ નવી જવાબદારી ભારતીય સોફ્ટ ટેનિસ રમતને વૈશ્વિક સ્તરે નવી ઓળખ અને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન, અનુભવ અને રમતગમત પ્રત્યેના સમર્પણથી



ભારતીય સોફ્ટ ટેનિસના વિકાસને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, સાવરકુંડલા દ્વારા મહેશભાઈ કસવાલાને આ ગૌરવપૂર્ણ સિદ્ધિ બદલ અભિનંદન પાઠવી, તેમના આગામી કાર્યકાળમાં સફળતા, નવી સિદ્ધિઓ અને ભારતીય રમતગમતના વિકાસ માટે યશસ્વી યોગદાન મળે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

દિલજીત દોસાંઝનો કોન્સર્ટ વિરુદ્ધ જૂનાગઢની લીલી પરિક્રમા... 'ભીડ'નું બદલાતું મનોવિજ્ઞાન અને આધુનિક સમાજનો અરીસો

આજના સમયમાં ભારતના કોઈપણ ખૂણે નજર નાખો, એક દ્રશ્ય સામાન્ય બની ગયું છેઅફાટ માનવ મહેરામણ. એક તરફ, દેશના મેટ્રો શહેરોમાં પંજાબી ગાયક દિલજીત દોસાંઝ કે કોલ્ડપ્લે જેવા કલાકારોના કોન્સર્ટમાં હજારો-લાખો રૂપિયાની ટિકિટો ખરીદીને યુવાધન અને ધનિક વર્ગ ઉમટી પડે છે. તો બીજી તરફ, ગિરનારની તળેટીમાં યોજાતી જૂનાગઢની 'લીલી પરિક્રમા' જેવા ધાર્મિક આયોજનોમાં, જ્યાં રહેવા, જમવા અને નાસ્તાની સંપૂર્ણ મફત વ્યવસ્થા હોય છે, ત્યાં પણ લાખો શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટે છે.

રસ્તા પર ટ્રાફિક જામ, ટ્રેનોમાં પગ મૂકવાની જગ્યા નહીં અને કાર્યક્રમના સ્થળે કીડિયારું ઉભરાયું હોય તેવી સ્થિતિ. આ બંને ઘટનાઓ દેખીતી રીતે સાવ અલગ છેએક આધુનિક અને મોંઘીદાટ મનોરંજનની દુનિયા છે, તો બીજી પરંપરાગત અને નિ:શુલ્ક આસ્થાની દુનિયા. છતાં, બંનેમાં એક બાબત સમાન છે લોકો કામધંધો છોડીને, જીવના જોખમે પણ 'ભીડ'નો હિસ્સો બનવા દોડી રહ્યા છે.શું લોકો પાસે કામ નથી? શું બેરોજગારી વધી ગઈ છે? કે પછી આની પાછળ કોઈ ઊંડું માનસિક, સામાજિક અને આર્થિક કારણ છુપાયેલું છે? ચાલો, આ ઘટનાનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરીએ.



૧. 'દેખાડા'ની ભૂખ અને સોશિયલ મીડિયાનું દબાણ (Social Validation & FOMO)- આજના યુગમાં માણસ કોઈ પણ જગ્યાએ 'પોતાના માટે' ઓછો અને 'બીજાને બતાવવા માટે' વધુ જાય છે. મનોવિજ્ઞાનની ભાષામાં આને 'સોશિયલ વેલિડેશન' (સામાજિક સ્વીકૃતિ) અને 'FOMO' (Fear Of Missing Out - કંઈક ચૂકી જવાનો ડર) કહેવાય છે.કોન્સર્ટમાં સ્ટેટસ સિમ્બોલ દિલજીતના કોન્સર્ટમાં જવું એ હવે માત્ર સંગીત સાંભળવાની વાત નથી રહી, તે એક 'સ્ટેટસ સિમ્બોલ' બની ગયું છે. મોંઘી ગાડીઓ, બ્રાન્ડેડ અને ટૂંકા કપડાં પહેરીને, વીઆઇપી પાસ સાથે ઇન્સ્ટાગ્રામ પર 'રીલ'કે 'સ્ટોરી' મૂકવી એ સમાજને એવું બતાવવાની રીત છે કે "હું આર્થિક રીતે સદ્ધર અને આધુનિક છું." જો કોઈ વ્યક્તિ ત્યાં ન જાય, તો તેને પોતાના મિત્રવર્તુળમાં પછાત રહી જવાનો ડર લાગે છે.પરિક્રમામાં ધાર્મિક અને સાંસ્કૃતિક દેખાડો બીજી તરફ, લીલી પરિક્રમા જેવા ધાર્મિક સ્થળોએ પણ હવે આ જ માનસિકતા પ્રવેશી ચૂકી છે. ભક્તિ કરતાં વધુ મહત્વ 'ભક્તિના પ્રદર્શન'નું થઈ ગયું છે. ભજન ગાતા, ભંડારામાં જમતા કે ગિરનારની કેડીઓ પર ચાલતા ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર મૂકીને લોકો પોતાની ધાર્મિકતા અને સંસ્કારી હોવાનો પુરાવો આપવા માંગે છે.ટૂંકમાં, માધ્યમ અલગ છેએક જગ્યાએ પૈસા અને ફેશનનું પ્રદર્શન છે, તો બીજી જગ્યાએ ધર્મ અને સાદગીનુંપરંતુ બંને પાછળનો મૂળ ઉદ્દેશ્ય એક જ છે "દુનિયા મને જુએ અને મારી નોંધ લે."

૨. કોરોના પછીનો 'YOLO' સિન્ડ્રોમ (You Only Live Once) - ૨૦૨૦ અને ૨૦૨૧માં આવેલી કોરોના મહામારીએ સમગ્ર માનવજાતની વિચારસરણીને મૂળમાંથી હચમચાવી નાખી છે. મૃત્યુને આટલું નજીકથી જોયા પછી અને મહિનાઓ સુધી ઘરમાં કેદ રહ્યા પછી, લોકોના અર્ધજાગૃત મનમાં એક મોટો ફેરફાર આવ્યો છે.મનોવૈજ્ઞાનિકો આને 'ટેરર મેનેજમેન્ટ થિયરી' (Terror Management Theory) સાથે જોડે છે. જ્યારે માણસને જીવનની અનિશ્ચિતતાનો અહેસાસ થાય છે, ત્યારે તે ભવિષ્ય માટે બચત કરવા કરતાં વર્તમાનમાં જીવી લેવા પર વધુ ભાર મૂકે છે.આજે લોકોમાં 'YOLO' (You Only Live Once - જિંદગી એક જ વાર મળે છે) ની માનસિકતા પ્રબળ બની છે. લોકો વિચારે છે કે, "કાલ કોણે જોઈ છે? પૈસા બચાવીને શું કરીશું? આજે જે મળે છે તે માણી લો." આ જ કારણ છે કે મધ્યમ વર્ગનો યુવાન પણ ક્રેડિટ કાર્ડ પર કે ઈએમઆઈ (EMI) કરીને ૨૦-૨૫ હજારની કોન્સર્ટ ટિકિટ ખરીદે છે, અને નોકરિયાત કે વેપારી વર્ગ પોતાનું કામકાજ બંધ રાખીને ૪-૫ દિવસ માટે પરિક્રમા કે પ્રવાસે નીકળી પડે છે.

૩. એકલતા અને 'સામૂહિક ઉન્માદ' (Collective Effervescence) - આધુનિક જીવનશૈલીએ માણસને ભૌતિક સુવિધાઓ તો આપી છે, પરંતુ માનસિક રીતે અત્યંત એકલો કરી દીધો છે. મોબાઈલ સ્ક્રીન પાછળ જીવતો આજનો માણસ અંદરથી ખાલીપો અને તણાવ અનુભવે છે.. તે એક મોટા સમૂહનો હિસ્સો બનીને સુરક્ષિત અને શક્તિશાળી અનુભવે છે. દિલજીતના કોન્સર્ટમાં એકસાથે ગાતા હજારો યુવાનો હોય કે પરિક્રમાના જંગલમાં એકસાથે રામધૂન બોલાવતા શ્રદ્ધાળુઓબંનેને આ ભીડમાંથી એક પ્રકારની 'માનસિક મુક્તિ' (Catharsis) મળે છે.

૪. 'મફત'નું આકર્ષણ અને આર્થિક મનોવિજ્ઞાન - લીલી પરિક્રમા કે કુંભ મેળા જેવા આયોજનોમાં ઉમટતી ભીડ પાછળ એક મહત્વનું આર્થિક મનોવિજ્ઞાન પણ કામ કરે છે. ભારત જેવા દેશમાં, જ્યાં મોંઘવારી સતત વધી રહી છે, ત્યાં સામાન્ય માણસ માટે પરિવાર સાથે ફરવા જવું ખૂબ મોંઘું બની ગયું છે.પરિક્રમા જેવા આયોજનોમાં અન્નક્ષેત્રો દ્વારા ઉચ્ચ ગુણવત્તાનું ગરમ ભોજન, ચા-નાસ્તો, રહેવાની વ્યવસ્થા અને તબીબી સુવિધાઓ તદ્દન મફત મળે છે. મનોવિજ્ઞાનમાં 'ઝીરો પ્રાઇસ ઇફેક્ટ' (Zero Price Effect) ખૂબ જાણીતો છે. જ્યારે કોઈ વસ્તુ કે સેવા 'મફત' મળે છે, ત્યારે માણસનું મગજ તેના નફા-નુકસાનનું ગણિત કરવાનું બંધ કરી દે છે અને તેના તરફ આકર્ષાય છે.ઘણા લોકો માટે પરિક્રમા એ આસ્થાની સાથે-સાથે એક 'સસ્તું અને સુરક્ષિત વેકેશન' (Budget Vacation) પણ બની ગયું છે. જ્યાં ખિસ્સામાંથી એક રૂપિયો ખર્ચ્યા વગર પ્રકૃતિના ખોળે ચાર-પાંચ દિવસ ફરવા-ફરવા અને જમવા મળે, ત્યાં લોકો કામધંધો મૂકીને જાય તે સ્વાભાવિક છે.

૫. કામકાજ છોડીને જવાની માનસિકતા શું લોકો નવરા છે? - આ સવાલ ઘણાના મનમાં ઉઠે છે કે આટલા બધા લોકો પાસે કામ નથી? હકીકત એ છે કે આમાંના મોટાભાગના લોકો નવરા નથી, પરંતુ તેમની કામ પ્રત્યેની પ્રાથમિકતા (Work Ethic) બદલાઈ ગઈ છે.બર્નઆઉટ (Burnout) આજના કોર્પોરેટ અને વેપારી જગતમાં કામનું દબાણ એટલું વધી ગયું છે કે લોકો માનસિક રીતે થાકી ગયા છે. આ થાક ઉતારવા માટે તેમને વારંવાર 'બ્રેક' જોઈએ છે.ડિજિટલ યુગની સુગમતા પહેલાંના સમયમાં દુકાન કે ઓફિસ બંધ રાખવી એટલે ધંધાને મોટું નુકસાન. આજે મોબાઈલ અને ઈન્ટરનેટને કારણે ઘણા લોકો પ્રવાસમાં રહીને પણ પોતાનું કામ મેનેજ કરી શકે છે, તેથી રજા લેવી તેમના માટે સરળ બની ગઈ છે.ટોળાશાહી (Herd Mentality) માણસ મૂળભૂત રીતે એક સામાજિક પ્રાણી છે. જ્યારે તે જુએ છે કે આખું ગામ, સોસાયટી કે ઓફિસનો સ્ટાફ ક્યાંક જઈ રહ્યો છે, ત્યારે તેનામાં પણ 'ટોળાશાહી' જાગે છે. "બધા જાય છે તો મારે પણ જવું જોઈએ" એવી વિચારસરણી લોકોને કામ છોડીને ભીડમાં જોડાવા પ્રેરે છે.

૬. વાસ્તવિકતાથી ભાગવાનો પ્રયાસ (Escapism) - મનોવિજ્ઞાનનું એક અત્યંત મહત્વનું પાસું છે 'એસ્કેપિઝમ' (Escapism - પલાયનવાદ). આજના સમયમાં સામાન્ય માણસ મોંઘવારી, ભવિષ્યની અસુરક્ષા, પારિવારિક કલેશ અને સામાજિક દબાણોથી ઘેરાયેલો છે. આ કઠોર વાસ્તવિકતાનો સામનો કરવો અઘરો છે.આથી, માણસ થોડા સમય માટે એક એવી કાલ્પનિક દુનિયામાં જતો રહેવા માંગે છે જ્યાં કોઈ ચિંતા ન હોય. કોન્સર્ટની ઝગમગતી લાઈટો અને મોટા અવાજનું સંગીત યુવાનોને થોડા કલાકો માટે તેમની બેરોજગારી કે કરિયરની ચિંતા ભુલાવી દે છે. એ જ રીતે, ગિરનારની પરિક્રમાનું આધ્યાત્મિક વાતાવરણ સામાન્ય માણસને તેના રોજિંદા જીવનના સંઘર્ષોમાંથી થોડા દિવસો માટે મુક્તિ અપાવે છે.દિલજીત દોસાંઝનો કોન્સર્ટ હોય કે જૂનાગઢની લીલી પરિક્રમાઆ બંને એક જ સિક્કાની બે બાજુઓ છે. બહારથી ભલે તેમાં અમીરી અને ગરીબી, આધુનિકતા અને પરંપરા, કે પૈસા અને મફતનો તફાવત દેખાતો હોય, પરંતુ અંદરથી બંને એક જ માનવ સ્વભાવને ઉજાગર કરે છે.આજનો માણસ અંદરથી એકલો છે, થાકેલો છે અને પોતાની જાતને સાબિત કરવાની હોડમાં દોડી રહ્યો છે. કોરોના પછી જીવન પ્રત્યેનો અભિગમ બદલાયો છે અને સોશિયલ મીડિયાએ 'દેખાડા'ને જીવનનું સૌથી મોટું સત્ય બનાવી દીધું છે. ભીડમાં જઈને માણસ ખરેખર તો ભીડને નથી શોધતો, પરંતુ એ ભીડના બહાને પોતાની અંદરના ખાલીપાને ભરવાનો અને પોતાની જાતને શોધવાનો પ્રયાસ કરી રહ્યો છે. જ્યાં સુધી માણસને પોતાના રોજિંદા જીવનમાં શાંતિ અને સંતોષ નહીં મળે, ત્યાં સુધી તે ક્યારેક કોન્સર્ટના સ્ટેજ સામે તો ક્યારેક ધાર્મિક યાત્રાઓના રસ્તા પર આમ જ દોડતો રહેશે.

નોધ- લેખક પ્રસિધ્ધ ટીવી જર્નાલીસ્ટ અને ટીવી પર ફેમસ શો ભાઈ...ભાઈ, બોલ બચ્ચન અને હાલ ટીવી 13 ગુજરાતી પર આવતા માઇન્ડ વર્સીસ મશિન વિથ મહેન્દ્ર બગડા અને ગજબ હો ના એન્કર છે.

પ્રતિભાવ માટે વોટ્સએપ 9909941536

શ્રી વિક્રમ સંવત 2083 નું રાશી ભવિષ્ય (તુલા, વૃશ્ચિક,ધન રાશી)

ગત પદ્મ પ્રકાશ કુંજ ના એકો માં ક્રમસર મેષ થી કન્યા સુધી ની છ રાશી ના રાશી ફળ જોયા બાદ આગળ સાતમી રાશી તુલા થી વિક્રમ સંવત 2083 નું વર્ષફળ માં આગળ વધીએ.

(૭) તુલા રાશી- (ર, ત) વાયુ તત્વ ના આધિપત્ય વાળી અને મહા તેજસ્વી શુક્ર જે રાશી નો અધિપતિ છે તે તુલા રાશી માટે વિક્રમ સંવત 2083 નું આ વર્ષ કભી ખુશી કભી ગમ જેવું પસાર થાય.વર્ષ ની શરૂઆત માં દેવગુરુ બૃહસ્પતિ આપને લાભ સ્થાન માં હોવાથી આપના અગત્ય ના કાર્યો આપને લાભ અપાવનારા બને, આપની દૈ નિક આવક અને ઈનકમ આપને લાભ અપાવનારી બનશે.આરોગ્ય ની સુખાકારી સાથે વેપાર વાણિજય માં આપનું કાર્ય સફળતાપૂર્વક આપને મદદ રૂપ થશે.પરિવાર માં દરેક નો સાથ અને સહકાર મળી રહે.પુત્ર સંતાન દ્વારા શુભ સમાચારો અને સારા પરિણામો પ્રાપ્ત થાય.તો ભાગીદાર અને જીવનસાથી આપને અનુકૂળ બને,પરંતુ જેવો દેવગુરુ બૃહસ્પતિ વક્રી બની ને પુન: તારીખ 25/01/2027 થી તારીખ 25/06/2027 સુધી કર્ક રાશી માં આવતા અને ત્યાં પ્રથમ થી રહેલા રાહુ સાથે દ્રષ્ટી યોગ કરતા જ આપનું વ્યવહારિક અને આર્થિક ગણિત ચકડોળે ચડાવે.તેમાં પણ તારીખ 14/01/2027 થી તારીખ 14/02/2027 નો સમય(પોષી પૂનમ) આપની વ્યાકુળતા માં વધારો કરી શકે છે.આ સમય આપના પરિવાર ના વડીલો ના આરોગ્ય ને સાંભળવા નો છે.હાલ માં વર્ષ ની શરૂઆત માં આપની નોકરી અને ધંધા માં છઠ્ઠા ભાવ માં રહેલો શનિ આપની તરફેણ કરે છે.પરંતુ જેવો શનિ રાશી પરિવર્તન કરી આગામી તારીખ 03/06/2027 થી નીચ નો મેષ રાશી નો બની સાતમા ભાવે આવતા આપના પરિશ્રમ ને ખૂબ વધારે.વળી પરિશ્રમ ના પ્રમાણ માં લાભ ઓછો આપે.આ સમય આપે આપના વ્યવસાય, નોકરી, ભાગીદારી અને જીવનસાથી ના આરોગ્ય બાબતે સજાગ બનવા ની જરૂરિયાત ઉભી કરશે.તો વર્ષ ની શરૂઆત માં જ પાંચમાં ભાવ માં રહેલો રાહુ આગામી તારીખ 05/12/2027 થી આપના જન્મ ના ચંદ્ર થી ચોથા ભાવે આવતા જ વાહન,મકાન,જમીન અને સહકાર્યકર અને લાંબી યાત્રા માં સાવધાની રાખવા અને સાવચેત બની આગળ વધવા નિર્દેશ આપે છે.આગામી જૂન,જુલાઈ અને ઓગસ્ટ 2027 ના સમય દરમિયાન આપની સાવચેતી આપની સુરક્ષા બની રહેશે.વિધાર્થી વર્ગે આ વર્ષે અગાઉ થી જ ખૂબ મહેનત અને પરિશ્રમ ની તૈયારી રાખવી.આપની એકઝામ માં ઊંચી ટકાવારી માટે સતત પ્રયત્નશીલ રહેવા નું ગોચર ન ગ્રહો સૂચવે છે.

(૮) વૃશ્ચિક રાશી- (ન, ય)જળ તત્વ ના આધિપત્ય વાળી અને મહા પરાક્રમી મંગળ જેનો અધિપતિ છે તેવી વૃશ્ચિક રાશી માટે વિક્રમ સંવત 2083 નું વર્ષ આરોગ્ય ની સુખાકારી સાથે આપના કામ ધંધા વેપાર વાણિજય માં પ્રગતિ આપનારુ જોવા મળે,વર્ષની શરૂઆત માં દેવગુરુ બૃહસ્પતિ આપના કર્મ ભાવ માં હોવાથી આપના અટકેલા કાર્યો ને વેગ પ્રાપ્ત થાય.પિતા અને રાજ્ય તરફ થી સાથ સહકાર મળે.આર્થિક દ્રષ્ટી એ આપને નાણાકીય લાભ અને આવક મળે.વેપાર ધંધા માં નવા નવા સાહસ માં આપ લાભ નો અનુભવ કરી શકો છો.પરંતુ વર્ષ ની શરૂઆત માં આપની સ્થિતિ પાંજરે પૂરેલા પોપટ જેવી જોવા મળે.ચોથા ભાવ માં રહેલો રાહુ આપને બંધન અને કાર્ય વિલંબ નો સામનો કરવા પુરુષાર્થી બનાવે.આ ચોથો રાહુ આપના વાહન મકાન જમીન ના કાર્યો માં થોભો અને રાહ જુઓ ની નીતિ અપનાવવા નિર્દેશ કરે છે. જેવો રાહુ આગામી તારીખ 05/12/2027 થી રાશી પરિવર્તન કરી મકર રાશી માં પ્રવેશ કરશે કે તુરંત આપનું મનોબળ મક્કમ બની આપ એક પછી એક નિર્ણયો નો અમલ કરનારા બનશો.ત્રીજો રાહુ આપને પરાક્રમી બનાવશે અને સાથે સાથે ભાઈ બહેનો નો સાથ અને સહકાર પણ આપશે.વર્ષ ના આરંભ માં શનિ મહારાજ આપને શાંત ચિતે નિર્ણયો લેવા સંમતિ આપે છે.આગામી તારીખ 06/06/2027 થી શનિ મહારાજ નું રાશી પરિવર્તન કરી નિચસ્થ મેષ માં પ્રવેશ કરતા જ આપ નવા નિર્ણયો લેવા માં સ્થિતપ્રજ્ઞ નો અનુભવ કરનારા બનો.તો આગામી 25 જાન્યુઆરી 2027 થી વક્રી બનતો ગુરુ આપના ભાગ્ય ને પ્રાણ પુરતો જોઈ શકશો.આથી આટલું નક્કી છે કે આગામી 05/12/2026 થી 03/06/2027 નો સમયગાળો આપના માટે સહકાર અને સફળતા વાળો બની રહે.આ સમય આપના આરોગ્ય માટે શુભદાયી બને.પરંતુ વર્ષ ની શરૂઆત થી તારીખ05/12/2026 સુધી નો સમય આપે આપના અને પરિવાર ના આરોગ્ય માટે સાવચેતી રાખવી જરૂરી બની રહેશે.આ વર્ષ નોકરિયાત વર્ગ ને માટે 25 જૂન 2027 થી ધાર્યા સ્થળે બદલી અને બઢતી આપનારું બને.યુવાનો ને નોકરી વ્યવસાય માં મદદ કરનાર બને.તો વડીલો અને સિનિયર સિટીઝનો માટે આરોગ્ય ની કાળજી લેવા પણ સૂચન કરે છે.હાર્ટના દર્દીઓ,કે બી પી ડાયાબિટીસ ના પેશન્ટો એ સવિશેષ કાળજી નો સમય છે.

(૯) ધન રાશી- (ભ,ધ,ફ,ઢ)અગ્નિ તત્વ ની અને દેવગુરુ બૃહસ્પતિ જેનો અધિપતિ છે તેવી ધન રાશી માટે વિક્રમ સંવત 2083 નું વર્ષ વર્ષ ની શરૂઆત માં જવાબદારીઓ થી ભરેલું જોવા મળે.પોતાની રાશી નો અધિપતિ ગુરુ કેતુ સાથે હોવાથી માનસિક મૂંઝવણ નો અનુભવ કરાવે.કોઈ અદ્રશ્ય બંધન માં હોઈએ અને પોતાના કાર્યો અટકી અટકી ને ચાલતા લાગે.છતાંય ભાગ્ય સ્થાન પર થી પસાર થતો ગુરુ આપને નવા નવા કાર્યો ની પ્રેરણા આપશે.આપ આરોગ્ય ની દ્રષ્ટી એ સ્વાસ્થ્યતા અનુભવો.વેપાર ધંધા માં નવી નવી ડીલ આપને પ્રાપ્ત થાય.સંતાનો ની વૃધ્ધિ થાય.તેમજ જે બાળકો અભ્યાસ કરતા હોય તેના દ્વારા સારું પરિણામ આવતા આપ પ્રસન્નતા અનુભવો.આગામી તારીખ 09/03/2027 થી તારીખ 26/04/2027 નો નાનો સમય ગાળો આપને નવા કાર્યો,ખરીદી અને આકસ્મિક લાભ આપી જનારો બને.વર્ષ ની શરૂઆત માં આપ નાની પનોતી ના બંધન માં જોવા મળો.પરંતુ વર્ષ ના મધ્ય ભાગ થી શનિ મહારાજ નું રાશી પરિવર્તન આપને આગામી તારીખ 03/06/2027 થી આ બંધન માં થી મુક્ત કરી ને આપના વેપાર,ધંધા અને વ્યવસાય વાણિજય માં ઘન ની આવક માં વધારો કરે.આ સમય આપના માટે નવા સાહસ અને વેપાર વૃધ્ધિ નો જોવા મળે.ફરી પાછા શનિ મહારાજ વક્રી બની ને તારીખ 20/10/2027 થી રાશી પરિવર્તન કરી આપને પનોતી ના બંધન નો અનુભવ કરાવે. આપના માટે આ 03/06/2027 થી 20/10/2027 નો સમય ગાળો આપને લાભ કરી બનાવે .આથી આ સમયગાળા નો સુંદર ઉપયોગ કરવા વિનંતી છે.નોકરિયાતો માટે અને નવી નોકરી મેળવવા માંગતા યુવાનો માટે આ વર્ષ પનોતી હોવા છતાંય શુભ રહે.સારી નોકરી,બઢતી ની પ્રાપ્તિ થાય.જીવનસાથી મેળવવા ઈચ્છતા યુવાન દિકરા દીકરીઓ માટે સારી વાત આગળ વધે અને મંગલ પ્રસંગ આવે.નાણાકિય રીતે વર્ષ ની શરૂઆત સારી રહે.પરંતુ રાહુ નું આગામી તારીખ 05/12/2027 થી થતું રાશી પરિવર્તન આપને ધન પ્રાપ્તિ માં પુરુષાર્થી બનાવે.આ સમય આપની મીઠી વાણી અને આપની સેલ્સમેન શીપ આપને ઉપયોગી બની રહે.એકંદરે સમગ્ર વર્ષ દરમ્યાન તારીખ 25/01/2027 સુધી નો અને ત્યાર બાદ 25/06/2027 પછી નો સમય આપને લાભદાયી બને.આ વર્ષ માં જીવનસાથી અને પરિવાર તથા માતા પિતા ની આરોગ્ય ની સંભાળ લેવા નિર્દેશ આપે છે.નોંધ-અત્રે આપેલું વિક્રમ સંવત 2083 નું ભાવફળ જન્મ રાશી ના ચંદ્ર ને આધારે આપેલું છે.તેમાં જે તે વ્યક્તિ ની જન્મ કુંડળી ના ગ્રહો મુજબ ફેરફાર ને અવકાશ છે. શુભમ ભવતુ

શાસ્ત્રી શ્રી ઘનશ્યામભાઈ ત્રિવેદી
MA (સંસ્કૃત) MA (એસ્ટ્રોલોજી)



(શ્રીમદ ભાગવત કર્મકાંડ અને જ્યોતિષાચાર્ય માર્ગદર્શક)
(વૈદિક સત્ કાર્ય ના સંવાહક)
મો.94264 84288, મો. 63536 03800
સાવરકુંડલા - ભાવનગર - બરોડા

સાવરકુંડલા શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે ભવ્ય શણગાર આરતી અને છપ્પનભોગ મહાઅન્નકૂટોત્સવ યોજાયો



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

સાવરકુંડલા સાવરકુંડલા સ્થિત શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે મંદિરમાં ઠાકોરજીની ભવ્ય શણગાર આરતી તેમજ છપ્પનભોગ મહાઅન્નકૂટોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઠાકોરજીને વિવિધ વાનગીઓનો છપ્પનભોગ અર્પણ કરવામાં આવ્યો હતો. સાથે જ ઠાકોરજીના દિવ્ય અને મનમોહક શણગારના દર્શન કરી હરિભક્તોએ ધન્યતા અનુભવી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય માહોલથી ગુંજી ઊઠ્યું હતું.શ્રી સ્વામિનારાયણ મંદિરના રજત જયંતી મહોત્સવ નિમિત્તે યોજાઈ રહેલા વિવિધ ધાર્મિક અને ભક્તિમય કાર્યક્રમોને લઈને હરિભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

વડલી ખાતે શ્રી વરૂડી માતાજીના તૃતીય પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ અને ભવ્ય લોકડાયરાનું આયોજન



■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના વડલી ગામે શ્રી વરૂડી માતાજી મંદિરના તૃતીય પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞ તથા ભવ્ય લોકડાયરાનું ધાર્મિક અને સાંસ્કૃતિક આયોજન કરવામાં આવ્યું હતું.

આ પવિત્ર પ્રસંગે રાજુલા-જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી ઉપસ્થિત રહી શ્રી વરૂડી માતાજીના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.નવચંડી યજ્ઞમાં શ્રદ્ધાપૂર્વક આહુતિ આપનાર તમામ નવદંપત્તિઓને ધારાસભ્યશ્રીએ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. માતાજીના પાટોત્સવ નિમિત્તે યોજાયેલા ધાર્મિક કાર્યક્રમમાં ભાવિક ભક્તો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર વાતાવરણ માતાજીની ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ભાવનાથી ગુંજી ઉઠ્યું હતું.આ ધાર્મિક પ્રસંગે ઉપસ્થિત સૌ ભાવિક ભક્તો અને ગ્રામજનોનો ઉત્સાહ તથા ભક્તિભાવ આનંદદાયક રહ્યો હતો. શ્રી વરૂડી માતાજી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સુખાકારી જાળવી રાખે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.



સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારને રૂ. ૯.૩૭ કરોડના વિકાસકાર્યોની ભવ્ય ભેટ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામા આવ્યુ







ગ્રામ્ય માર્ગોના નવીનીકરણ, સીસી રોડ, પ્રોટેકશન વોલ, સુવિધા પથ સહિતના વિકાસકાર્યોથી ગામડાંઓમાં માળખાકીય સુવિધાઓને મળશે નવી ગતિ

સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારોના સર્વાંગી વિકાસને વેગ આપવા તથા નાગરિકોને વધુ સારી માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના હેતુથી રૂ. ૯.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. સાવરકુંડલા-લીલીયા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે વિવિધ ગામોમાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવતાં ગ્રામજનોમાં આનંદની લાગણી પ્રસરી હતી.આ પ્રસંગે ગ્રામ્ય વિસ્તારોમાં માર્ગ સુવિધા, વાહનવ્યવહારની સરળતા, વરસાદી પાણીના નિકાલ અને માર્ગ સલામતીને ધ્યાનમાં રાખીને વિવિધ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.વંડા-મેકડા રોડ પર રીસરફેસિંગ, પ્રોટેકશન વોલ તેમજ સીસી રોડના નિર્માણ માટે રૂ. ૨.૨૫ કરોડના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ કામ પૂર્ણ થતાં માર્ગની સ્થિતિમાં સુધારો થશે અને વાહનચાલકોને વધુ સુગમ તથા સુરક્ષિત અવરજવરનો લાભ મળશે.,મેકડા-ઈંગોરાળા રોડ પર મેકડા ગામ ખાતે ૩.૭૫ મીટરની પહોળાઈ ધરાવતા સીસી રોડના રૂ. ૧.૫૦ કરોડના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત મેકડા-આંકોલડા માર્ગના રીસરફેસિંગ અંતર્ગત આંકોલડા ગામે સીસી રોડ અને પ્રોટેકશન વોલના રૂ. ૧.૫૦ કરોડના કામનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.તે ઉપરાંત મેકડા-શેલાણા કાચા રસ્તા પર સ્લેબ, પ્રોટેકશન વોલ અને સીસી રોડના રૂ. ૬૫ લાખના ખર્ચે પૂર્ણ થયેલા વિકાસકાર્યનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કામથી સ્થાનિક ગ્રામજનોને અવરજવરમાં સરળતા મળશે તેમજ વરસાદી ઋતુ દરમિયાન પણ માર્ગનો ઉપયોગ વધુ સુગમ બનશે.

*** મેકડા ગામે સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ અને બસ સ્ટેન્ડનું લોકાર્પણ ***

મેકડા ગામ ખાતે રાષ્ટ્રના એકતાના પ્રતિક અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. આ સાથે રૂ. ૫ લાખના ખર્ચે નિર્માણ પામેલા નવા બસ સ્ટેન્ડનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સુવિધાથી ગામના નાગરિકો અને મુસાફરોને વધુ સારી જાહેર પરિવહન સુવિધા ઉપલબ્ધ બનશે.ફાચરિયા ગામે રૂ. ૬૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા સુવિધા પથનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત વંડા-ફાચરિયા-ખાલપર માર્ગના રૂ. ૨ કરોડના રીસરફેસિંગ કામનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ માર્ગના નવીનીકરણથી આસપાસનાં ગામોના નાગરિકો, ખેડૂતો તેમજ વાહનચાલકોને અવરજવરમાં મોટી રાહત મળશે.ફાચરિયા ગામ ખાતે રૂ. ૧૨ લાખના ખર્ચે હાથ ધરાનાર વિવિધ વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો ગામની પાયાની સુવિધાઓને વધુ મજબૂત બનાવવાની દિશામાં મહત્વપૂર્ણ સાબિત થશે.આંકોલડા એપ્રોચ રોડ પર રીસરફેસિંગ અને સીસી રોડનાં કામોનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેના પરિણામે ગામ સુધી પહોંચતા માર્ગની સુવિધામાં સુધારો થશે અને સ્થાનિક લોકોને દૈનિક અવરજવરમાં સરળતા રહેશે.આમ, સાવરકુંડલા-લીલીયા વિધાનસભા મતવિસ્તારમાં રૂ. ૯.૩૭ કરોડના વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત થકી ગ્રામ્ય વિસ્તારોના વિકાસને નવી દિશા અને ગતિ મળી રહી છે. ખાસ કરીને રસ્તાઓના નવીનીકરણ, સીસી રોડ, પ્રોટેકશન વોલ, સ્લેબ, સુવિધા પથ અને જાહેર પરિવહનની સુવિધાઓના વિકાસથી ગ્રામ્ય જનજીવન વધુ સરળ બનશે.ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાના માર્ગદર્શન અને સતત પ્રયત્નોથી મતવિસ્તારના ગામડાંઓમાં પાયાની સુવિધાઓનો વ્યાપ વધે અને વિકાસનાં કામો છેવાડાના માનવી સુધી પહોંચે તે દિશામાં સતત કામગીરી કરવામાં આવી રહી છે.

*વિકાસ એ જ સંકલ્પ અને જનસુવિધા એ જ પ્રાથમિકતા*ના ધ્યેય સાથે સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારને વધુ સુવિધાસભર અને વિકાસશીલ બનાવવાની દિશામાં આ વિકાસકાર્યો એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.આ તકે શ્રી પ્રકાશભાઈ પાનસુરીપા ચેરમેન શ્રી જાહેર બાંધકામ સમીતી અમરેલી જીલ્લા પંચાયત, રજનીભાઈ ડોબરીયા પ્રમુખશ્રી તાલુકા ભાજપ,મહામંત્રીશ્રીઓ શ્રી દીપકભાઈ માલાણી ચેરમેન માર્કેટીંગ યાર્ડ ,વાઇસ ચેરમેન શ્રી મહેશભાઈ લાખાણી, સાવરકુંડલા સહીત તાલુકા ,જીલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયત,સદસ્યશ્રીઓ ,હોદ્દેદારશ્રીઓ ઉપસ્થિત રહયા.

ભેંસાણ ગામે પોલરા પરિવાર દ્વારા આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું આયોજન





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ભેંસાણ ગામે પોલરા પરિવાર દ્વારા પવિત્ર શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન અવસરે ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ, શ્રીમદ્ ભાગવત કથાનું રસપાન અને આધ્યાત્મિક ચિંતન થકી ઉપસ્થિત સૌ ભાવિકજનો ભક્તિભાવમાં તરબોળ બન્યા હતા.

આ ધાર્મિક આયોજનના માધ્યમથી સૌના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સદવિચારોનો સંચાર થાય તેમજ ધર્મ અને સંસ્કારનું સિંચન થાય તેવી મંગલ પ્રાર્થના કરવામાં આવી હતી.

આ પ્રસંગે સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા સહિત રાજકીય, સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ધાર્મિક આગેવાનો, સંતો-મહંતો તેમજ મોટી સંખ્યામાં માતાઓ-બહેનો અને ભાવિક ભક્તજનો ઉપસ્થિત રહી ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લીધો હતો.

નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ સાવરકુંડલા એસ.ટી. ડેપોના કર્મનિષ્ઠ ડ્રાઈવર મેહુલભાઈ વાળાને સોશિયલ મીડિયા પર ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ અર્પી

સાવરકુંડલા એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા કર્મનિષ્ઠ અને સેવાભાવી ડ્રાઈવર મેહુલભાઈ વાળાનું માર્ગ અકસ્માતમાં દુ:ખદ નિધન થતાં એસ.ટી. પરિવાર સહિત સમગ્ર પંથકમાં શોકની લાગણી પ્રસરી છે. તેમના નિધનના સમાચારથી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી પણ વ્યથિત થયા હતા અને તેમણે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક ભાવપૂર્ણ પોસ્ટ શેર કરીને દિવંગત મેહુલભાઈને શ્રદ્ધાંજલિ અર્પી હતી.નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોતાની પોસ્ટમાં મેહુલભાઈના ફરજ પ્રત્યેના અનોખા લગાવને યાદ કરતાં જણાવ્યું હતું કે, તેઓ પોતાની એસ.ટી. બસને સ્વખર્ચે સુંદર રીતે સજાવતા હતા. બસ પ્રત્યેનો તેમનો પ્રેમ, ફરજ પ્રત્યેની નિષ્ઠા અને કામ પ્રત્યેનો સમર્પણભાવ ખરેખર પ્રશંસનીય હતો. એક કર્મચારી તરીકેની તેમની આગવી ઓળખ અને એસ.ટી. પરિવાર પ્રત્યેની લાગણીને યાદ કરીને તેમણે દિવંગત આત્માને પ્રભુ શાંતિ અર્પે તથા પરિવારજનોને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે સાંત્વના પાઠવી હતી.

સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં અનેક વિકાસના કામો થઈ રહ્યા છે ત્યારે સમગ્ર ગામને શુદ્ધ ફિલ્ટર થયેલું પીવાનું પાણી મળે તે માટે ડિજિટલ ફિલ્ટર પ્લાન્ટ નું લોકાર્પણ કરવામાં આવ્યું



સાવરકુંડલા તાલુકાનું જીરા ગામ જીરા ગામના પૂર્વ સરપંચ અને હાલના જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન દ્વારા પોતાના ગામના વિકાસ માટે અનેક કામો કર્યા છે જ્યારે તેઓ સરપંચ હતા ત્યારે હોસ્પિટલ સારી સ્કૂલ સીસી અને બ્લોક પેવર રોડ સીસીટીવી કેમેરા સ્ટ્રીટ લાઈટ ગટર અને ઘેર ઘેર નળ સહિતની અનેક સુવિધાઓ પોતાના ગામ માટે ઊભી કરી છે. ત્યારે આ વિસ્તાર ખારો પાઠ વિસ્તાર કહેવાય છે અહીંયા મોળું પાણી આવે છે તેમજ ધૂંધળું પાણી આવે છે જોકે આ ગામમાં નર્મદાનું પાણી તો એકાતરા મળે જ છે પરંતુ નગરજનોને ફિલ્ટર થયેલું શુદ્ધ પાણી મળે તે હેતુસર પોતાની ગ્રાન્ટ માંથી ડિજિટલ ફિલ્ટર પ્લાન્ટ નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું છે સાવરકુંડલા તાલુકામાં આ પ્રથમ જ ફિલ્ટર પ્લાન્ટ છે અને શહેરમાં 20 થી 25 રૂપિયા નું 20 લીટર મળતું પાણી અહીંયા નગરજનોને ફક્ત પાંચ રૂપિયાના ટોકન દરે પાણી મળશે અને એ પણ કાર્ડ સ્વેચ કરી અને દરેક લોકો 20 લીટર પાણી મેળવી શકશે ત્યારે જિલ્લા પંચાયતના પ્રમુખે પોતાના ગામના વિકાસ માટે કરેલા કામ બદલ તેમને અનેક એવોર્ડ પણ મળેલા છે.સાવરકુંડલા તાલુકાના જીરા ગામમાં અવિરત વિકાસ થઈ રહ્યો છે કેટલીક સરકારી ગ્રાન્ટો તો કેટલાક વિકાસના કામો ગામના દાતાઓને અગ્રણીઓના સહકારથી થઈ રહ્યા છે હંમેશા વિકાસના કામમાં દાતાઓનું યોગદાન મોકલી રહ્યું છે અને મહિલા પૂર્વ સરપંચ અને હાલના જિલ્લા પંચાયતના પ્રમુખ દક્ષાબેન ની કામગીરીથી સંતુષ્ટ થઈ આ દાતાઓ હંમેશા અગ્રેસર રહ્યા છે સાવરકુંડલા તાલુકાના અવિરત વિકાસયાત્રાના સતત સાક્ષી રહેલા સાવરકુંડલા વિસ્તારના કર્મઠ ધારાસભ્ય મહેશભાઈ કસવાળા પણ સાવરકુંડલા તાલુકામાં આ ફિલ્ટર પ્લાન્ટ ના લોકાર્પણ થી પ્રભાવિત અને ખુશ થઈ તેઓ પણ વિચારી રહ્યા છે કે સમગ્ર તાલુકાના મુખ્ય ગામોમાં આ પ્લાન્ટ શરૂ કરવો લોકોને ક્ષાર વાળુ કે મોડું પાણી ન મળે તેમાંથી મુક્તિ મેળવવા માટે કરેલ આ કાર્યની સરાહ ના કરી અભિનંદન પાઠવા હતા.સાવરકુંડલા તાલુકાનું જીરા ગામ ડિજિટલ વોટર ફિલ્ટર પ્લાન્ટમાં પ્રથમ રહ્યું છે ત્યારે આ પ્રયોગ જોઈ અને અન્ય ગામોના દાતાઓ તેમજ સરકારશ્રીની ગ્રાન્ટો માંથી ફિલ્ટર પાણી મળે તે બાબતની દિશામાં આગળ વધશે કે કેમ ?

નાગરિક સહકારી બેંકના ચેરમેન શ્રી ધર્મેન્દ્ર ચૌહાણ દ્વારા આયોજિત હરિદ્વાર ધામના આંગણે રુક્ષ્મણી વિવાહની ભવ્ય ઉજવણી





■ પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા

ભક્તિભાવથી તરબોળ બન્યું ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞસાવરકુંડલા નાગરિક સહકારી બેંકના ચેરમેન શ્રી ધર્મેન્દ્રભાઈ હીરાભાઈ ચૌહાણ પરિવાર દ્વારા પવિત્ર તીર્થધામ હરિદ્વારના આંગણે આયોજિત શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞમાં રુક્ષ્મણી વિવાહની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

સુપુત્ર સ્વ. ક્રીમિત્ર તથા સમસ્ત ચૌહાણ પરિવારના પિતૃઓના મોક્ષાર્થે આયોજિત આ પાવન જ્ઞાનયજ્ઞના વ્યાસ સ્થાને સાવરકુંડલાના સુપ્રસિદ્ધ કથાકાર શાસ્ત્રી શ્રી વિજય દાદા જાની (ગોલ્ડન દાદા) બિરાજમાન છે. તેમના મધુર, સરળ અને હૃદયસ્પર્શી વક્તવ્યથી શ્રોતાઓ ભક્તિરસમાં તરબોળ બની રહ્યા છે.રુક્ષ્મણી વિવાહ પ્રસંગે સમગ્ર કથા મંડપને ફૂલો, દીવડાઓ અને મંગલ તોરણોથી સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. શ્રીકૃષ્ણ અને રુક્ષ્મણીજીની ઝાંખી નિહાળીને ભક્તો મંત્રમુગ્ધ બની ગયા હતા.

વિવાહના મંગલ ગીતો, ભજન-કીર્તન અને જયઘોષથી આખું વાતાવરણ આનંદમય બની ગયું હતું.આ પ્રસંગે ચૌહાણ પરિવારના સભ્યોએ પરંપરાગત રીતે કન્યાદાન સહિતની વિધિઓ ભાવપૂર્વક કરી હતી. ઉપસ્થિત સૌ ભક્તોએ શ્રીઠાકોરજીના દર્શન કરી, પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ચૌહાણ પરિવાર તથા સાવરકુંડલા થી પધારેલ નાગરિક બેંકના વાઇસ ચેરમેન શ્રી રૂપલબેન પરાગભાઈ ત્રિવેદી, નાગરિક બેંકના ડિરેક્ટર શ્રી ચેતનાબેન રવિન્દ્રભાઈ ધંધુકિયા, તથા





એડવોકેટ નોટરી શ્રી કેશુભાઈ વાઘેલા, માલધારી સમાજ અને ભાજપ અગ્રણી શ્રી મયુરભાઈ રબારી, ભાજપ અગ્રણી શ્રી ધર્મેન્દ્રભાઈ જોશી, યુવા ભાજપ મહામંત્રી શ્રી ઋષભભાઈ ધંધુકિયા, ભાજપ અગ્રણી શ્રી હસુભાઈ ચાવડા, નગરપાલિકા પૂર્વ સદસ્ય શ્રી પ્રકાશભાઈ ગેડીયા ભાજપ અગ્રણી શ્રી ગીરીશભાઈ નાંદોલીયા તથા નગરપાલિકા સદસ્ય શ્રી કલ્પેશભાઈ રાઠોડ તથા ભાજપ અગ્રણી શ્રી કેતનભાઈ કેસુર સહિતના મહાનુભાવો ઉપસ્થિતિમાં રૂક્ષ્મણી વિવાહ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ધર્મેન્દ્રભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, "પિતૃઓના આશીર્વાદ અને રાજેશ્વર મહાદેવ અને ગુરુકૃપાથી હરિદ્વાર જેવા પાવન ધામમાં ભાગવત કથાનું આયોજન થવું એ અમારા પરિવારનું સૌભાગ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણ અને આ કુળદેવી ખોડીયારનીની કૃપા સૌ પર સદાય બની રહે એ જ પ્રાર્થના છે."આ પાવન પ્રસંગે મોટી સંખ્યામાં ભાવિકો, સગા-સંબંધીઓ અને શુભેચ્છકોએ ઉપસ્થિત રહી સંગીત મય શ્રેણીમાં કથાનું રસપાન કર્યું હતું



સંગીત

લીવ આર્ટિસ્ટિક

કંદર્પ ભટ્ટ

M.A.B.Ed in Music

સંતૂર

એ કાશ્મીરનું એક પ્રાચીન અને મધુર તંતુવાદ્ય (String Instrument) છે, જેને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં 'શતતંત્રી વીણા' (સો તારવાળી વીણા) તરીકે ઓળખવામાં આવે છે. તે તેના ઝરણાં જેવા ખળખળ વહેતા અને શાંત સૂર માટે જાણીતું છે.સંતૂર વિશેની ઊંડાણપૂર્વકની માહિતી નીચે મુજબ છે.

૧. ઇતિહાસ અને ઉત્પત્તિ - પ્રાચીન મૂળ. સંતૂરની ઉત્પત્તિ વિશે બે મુખ્ય મત પ્રવર્તે છે. એક મત મુજબ, તે પ્રાચીન પર્શિયા (હાલનું ઈરાન) માંથી કાશ્મીર આવ્યું હતું. પર્શિયન ભાષામાં 'સન' એટલે સો અને 'તૂર' એટલે તાર. બીજા મત મુજબ, ઋગ્વેદ અને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં ઉલ્લેખિત 'શતતંત્રી વીણા' જ આજના સંતૂરનું મૂળ સ્વરૂપ છે.

* કાશ્મીરી લોકસંગીત. શરૂઆતમાં સંતૂરનો ઉપયોગ માત્ર જમ્મુ-કાશ્મીરના સૂફી સંગીત ('સૂફિયાના મૌસિકી') માં ગાયનની સાથે સંગત કરવા માટે થતો હતો.

* શાસ્ત્રીય સંગીતમાં પ્રવેશ. વીસમી સદીના મધ્યમાં પંડિત શિવકુમાર શર્મા અને પંડિત ભજન સોપોરી જેવા દિગ્ગજ કલાકારોએ સંતૂરની રચનામાં જરૂરી ફેરફારો કર્યા અને તેને ભારતીય શાસ્ત્રીય સંગીતના મુખ્ય મંચ પર એક સ્વતંત્ર વાદ્ય તરીકે સ્થાપિત કર્યું.

૧. રચના અને બનાવટ - આકાર અને લાકડું. સંતૂર સમલંબ ચતુષ્કોણ (Trapezoid) આકારની એક છીછરી લાકડાની પેટી જેવું હોય છે. તે મુખ્યત્વે અખરોટ (Walnut) અથવા મેપલ (Maple) ના લાકડામાંથી બનાવવામાં આવે છે, કારણ કે આ લાકડું ઉત્તમ ધ્વનિ (Resonance) ઉત્પન્ન કરે છે.* તાર અને ઘોડી (Bridges). ભારતીય સંતૂરમાં સામાન્ય રીતે ૭૨ થી ૧૦૦ જેટલા સ્ટીલ અને પિત્તળના તાર હોય છે. આ તાર ૨૫ થી ૩૨ જેટલી નાની લાકડાની ઘોડીઓ (Bridges) પરથી પસાર થાય છે, જ્યાં દરેક ઘોડી પર ૩ થી ૪ તારનો સમૂહ હોય છે.* કલમ (Mezrab). અન્ય તંતુવાદ્યો (જેમ કે સિતાર કે સરોદ) આંગળીઓથી છેડવામાં આવે છે, જ્યારે સંતૂર અખરોટના લાકડાની બનેલી બે હલકી અને વળાંકવાળી લાકડીઓ વડે તાર પર હળવો પ્રહાર કરીને વગાડવામાં આવે છે. આ લાકડીઓને 'મેઝરાબ' (Mezrab) અથવા કલમ કહેવામાં આવે છે.

૧. વગાડવાની પદ્ધતિ અને વિશેષતા- બેઠક અને પકડ. વાદક પલાંઠી વાળીને (અર્ધ-પદ્માસનમાં) બેસે છે અને સંતૂરનો પહોળો ભાગ પોતાની તરફ રાખીને ખોળામાં મૂકે છે. બંને હાથની તર્જની (Index) અને મધ્યમા (Middle) આંગળીઓ વચ્ચે મેઝરાબ પકડીને કાંડાની હળવી હલનચલનથી તાર પર પ્રહાર કરવામાં આવે છે.

* મીંડ (Glide) નો પડકાર. સંતૂર પર તાર પર પ્રહાર થતો હોવાથી સિતાર કે સારંગીની જેમ તાર ખેંચીને 'મીંડ' (એક સૂરથી બીજા સૂર સુધી લસરવું) કાઢવી મુશ્કેલ હોય છે. આ ખામી પૂરી કરવા માટે કલાકારો મેઝરાબને તાર પર સરકાવીને અથવા બે નજીકના સ્વરો પર અત્યંત ઝડપથી વારાફરતી પ્રહાર કરીને મીંડ જેવો અહેસાસ ઊભો કરે છે.* પંડિત શિવકુમાર શર્મા સંતૂરને વિશ્વભરમાં અને હિન્દી સિનેમા (જેમ કે સિલસિલા, ચાંદની) માં અમર બનાવનાર મહાન કલાકાર.

* પંડિત ભજન સોપોરી કાશ્મીરના સોપોરી ઘરાનાના 'સંતૂરના સંત' તરીકે જાણીતા દિગ્ગજ વાદક.

* અન્ય જાણીતા કલાકારો પંડિત તરુણ ભટ્ટાચાર્ય, રાહુલ શર્મા, અભય સોપોરી, પંડિત ઉલ્હાસ બાપટ અને વિદુષી વર્ષા અગ્રવાલ

અમરેલી જિલ્લામાં ૩૦ નવેમ્બરથી GSOS ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓનો પ્રારંભ

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગુજરાત સ્ટેટ ઓપન સ્કૂલ (GSOS) અંતર્ગત નવેમ્બર-ડિસેમ્બર ૨૦૨૬ની ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની બોર્ડ પરીક્ષાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

અમરેલી જિલ્લામાં આ પરીક્ષાઓ તા. ૩૦ નવેમ્બરથી શરૂ થનાર છે.ધોરણ ૧૦ની પરીક્ષાઓ તા. ૩૦ નવેમ્બરથી ૮ ડિસેમ્બર દરમિયાન યોજાશે, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાઓ તા. ૩૦ નવેમ્બરથી ૯ ડિસેમ્બર સુધી યોજાનાર છે. ધોરણ ૧૦ની પરીક્ષા જિલ્લામાં ત્રણ પરીક્ષા કેન્દ્રો પર યોજાશે, જ્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા અમરેલી સ્થિત શ્રી બી.એન. વિરાણી સેકન્ડરી સ્કૂલ, યુનિટ-૨ ખાતે યોજાશે.પરીક્ષાના સુચારુ આયોજન, પરીક્ષા કેન્દ્રો પર જરૂરી વ્યવસ્થાઓ, સુરક્ષા, અવિરત વીજ પુરવઠો, પરીક્ષાર્થીઓને અવરજવર માટે એસ.ટી. બસની નિયમિત સુવિધા સહિતના વિવિધ મુદ્દાઓ અંગે જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા સમિતિની બેઠક યોજાઈ હતી.બેઠકમાં શિક્ષણ વિભાગના સંબંધિત અધિકારીઓ તેમજ પરીક્ષા આયોજન



સાથે સંકળાયેલા વિભાગો સાથે પરીક્ષાની વ્યવસ્થાઓ અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

પરીક્ષા કેન્દ્રો પર શાંતિપૂર્ણ વાતાવરણ જળવાઈ રહે, પરીક્ષાર્થીઓને કોઈ મુશ્કેલી ન પડે તેમજ પરીક્ષા પ્રક્રિયા નિષ્પક્ષ અને સુચારુ રીતે સંપન્ન થાય તે માટે જરૂરી સૂચનાઓ અને વ્યવસ્થાઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી.અમરેલી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમિયાન સુગમ, સલામત અને અનુકૂળ વાતાવરણ મળી રહે તે માટે તમામ જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠક યોજાઈ



■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

અમરેલી જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહી જિલ્લાના નાગરિકોના પ્રશ્નો, જનહિતના વિવિધ મુદ્દાઓ તેમજ વિકાસલક્ષી બાબતો અંગે સંબંધિત અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લાના વિવિધ વિસ્તારોના પ્રજાકીય પ્રશ્નો, વહીવટી કામગીરી અને વિકાસલક્ષી યોજનાઓની સમીક્ષા કરી લોકોના પ્રશ્નોનું સમયમર્યાદામાં યોગ્ય નિરાકરણ આવે તેમજ વહીવટી કામગીરી વધુ અસરકારક બને તે માટે જરૂરી રજૂઆતો કરવામાં આવી હતી.આ બેઠકમાં જિલ્લા કલેક્ટર શ્રી વિકલ્પ ભારદ્વાજ, એ.એસ.પી. શ્રી જયવીરભાઈ ગઢવી, સાવરકુંડલાલીલીયા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી દક્ષાબેન ચોડવડિયા સહિત વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.જનહિતના પ્રશ્નોનું હકારાત્મક નિરાકરણ આવે, નાગરિકોને સરકારી સેવાઓનો સરળતાથી લાભ મળી રહે અને જિલ્લાના વિકાસકાર્યોને વધુ ગતિ મળે તેવા હેતુથી બેઠકમાં જરૂરી ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

અંટાળીયા ગામે ૩. ૨૫ લાખના ખર્ચે નિર્મિત ગ્રામ સચિવાલયનું લોકાર્પણ કરાયું





■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળીયા ગામે ૩. ૨૫ લાખના ખર્ચે નવનિર્મિત ગ્રામ સચિવાલયનું સાવરકુંડલા-લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે રાજકીય અને સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.આધુનિક સુવિધાઓથી સજ્જ ગ્રામ સચિવાલયના નિર્માણથી અંટાળીયા ગામના નાગરિકોને વિવિધ સરકારી સેવાઓ, વહીવટી કામગીરી અને જરૂરી દસ્તાવેજી પ્રક્રિયાઓનો લાભ હવે પોતાના ગામમાં જ સરળતાથી મળી રહેશે. આ સુવિધાથી ગ્રામજનોનો સમય અને પરિશ્રમ બચશે તેમજ ગ્રામ્ય સ્તરે વહીવટી કામગીરી વધુ સુલભ બનશે.આમ, અંટાળીયા ગામે નવનિર્મિત ગ્રામ સચિવાલયની સુવિધા ઉપલબ્ધ થતાં ગ્રામ વિકાસની દિશામાં એક વધુ મહત્વપૂર્ણ સુવિધાનો ઉમેરો થયો છે.



માથાનો દુખાવો છે કે કોઈ ગંભીર બીમારીનો સંકેત? જાણો તેના કારણો અને લક્ષણો!



Dr. Vishal K. Chavda,
MS, PhD, FICN

માથાનો દુખાવો મોટાભાગના લોકો સમજે છે તેના કરતાં વધુ જટિલ હોઈ શકે છે. માથાનો દુખાવોના 150 થી વધુ પ્રકારો છે. વિવિધ પ્રકારના તેમના પોતાના લક્ષણોનો સમૂહ હોઈ શકે છે, અનન્ય કારણોસર થાય છે અને વિવિધ સારવારની જરૂર છે. માથાનો દુખાવો એ ભારતીય-વસ્તીમાં સૌથી સામાન્ય આરોગ્ય-સંબંધિત પરિસ્થિતિઓમાંની એક છે, જેમાં આપણામાંથી લગભગ 15% લોકો કોઈપણ સમયે માથાનો દુખાવો માટે પીડા રાહત દવાઓ લે છે.સંભવ છે કે લગભગ બધાને આપણા જીવનકાળ દરમિયાન માથાનો દુખાવો થાય છે. કોઈપણ ઉંમરના લોકોને અસર થઈ શકે છે, પરંતુ 25 થી 44 વર્ષની વયના લોકોમાં માથાનો દુખાવો થવાની શક્યતા વધુ હોય છે.માથાનો દુખાવોના વિવિધ પ્રકારો અને ઘણાં વિવિધ કારણો છે, જે સમજાવે છે કે આ સ્થિતિ શા માટે સામાન્ય છે. મોટા ભાગના માથાનો દુખાવો એક કરતાં વધુ ફાળો આપનાર પરિબળ ધરાવે છે. માથાનો દુખાવો માટેના કેટલાક સામાન્ય ટ્રિગર્સ જીવનશૈલી સંબંધિત છે, જેમ કે નબળો આહાર, તણાવ, સ્નાયુ તણાવ અને કસરતનો અભાવ.મગજની ગાંઠો જેવી ગંભીર અંતર્ગત વિકૃતિઓ ભાગ્યે જ માથાનો દુખાવોનું કારણ હોય છે, જો કે સતત માથાનો દુખાવો હંમેશા ડૉક્ટર દ્વારા તપાસ થવો જોઈએ. માથાનો દુખાવો 2 વ્યાપક વર્ગોમાં વર્ગીકૃત કરી શકાય છે પ્રાથમિક અને ગૌણ. પ્રાથમિક માથાનો દુખાવોના ઉદાહરણોમાં ક્લસ્ટર અને ટેન્શન માથાનો દુખાવોનો સમાવેશ થાય છે. ગૌણ માથાનો દુખાવો એક અંતર્ગત ડિસઓર્ડર દ્વારા ટ્રિગર થાય છે - જેમ કે ચેપ, ઈજા અથવા ગાંઠ - અને તે મુખ્ય બીમારીની આડઅસર છે. માથાનો દુખાવો સામાન્ય રીતે 4 કલાકની અંદર દૂર થઈ જાય છે, પરંતુ માથાનો દુખાવો લાંબા સમય સુધી ચાલુ રહે તે સામાન્ય નથી. જો તમારો માથાનો દુખાવો 72 કલાકથી વધુ સમય સુધી ચાલુ રહે છે, તો તમારે તાત્કાલિક તબીબી સહાય લેવી જોઈએ. હું કેવી રીતે જાણી શકું કે મારો માથાનો દુખાવો તણાવથી છે?

આ માથાના દુખાવા માટે તણાવ અને સ્નાયુઓમાં તણાવ ઘણીવાર પરિબળો છે. તણાવને કારણે માથાનો દુખાવો સામાન્ય રીતે ઉબકા, ઉલટી અથવા પ્રકાશ પ્રત્યે સંવેદનશીલતાનું કારણ નથી. તેઓ ધબકારા મારવાને બદલે સતત દુખાવો કરે છે અને માથાની બંને બાજુઓને અસર કરે છે. તણાવયુક્ત માથાનો દુખાવો ક્રોનિક હોઈ શકે છે, ઘણી વાર અથવા દરરોજ થઈ શકે છે.શું ચિંતાથી માથાનો દુખાવો થાય છે?

સામાન્ય રીતે, અસ્વસ્થતા તણાવ માથાનો દુખાવો અને માઇગ્રેનને ઉત્તેજિત કરે છે. તણાવ-પ્રકારના માથાનો દુખાવો હળવાથી મધ્યમ પીડાનું કારણ બને છે જે સામાન્ય રીતે માથાની આસપાસ બેન્ડ જેવી લાગણી તરીકે વર્ણવવામાં આવે છે. ચિંતા, વધુ પડતું વિચારવું અને તકરાર કરવાથી તણાવ માથાનો દુખાવો થઈ શકે છે.

શું માથાનો દુખાવોના ચોક્કસ સ્થાનનો અર્થ મગજ સંબંધિત ચોક્કસ સમસ્યા છે?----હા તે છે.તમને ક્યાં દુખાવો થાય છે તેના આધારે, માથાનો દુખાવોનું સ્થાન સામાન્ય રીતે નક્કી કરે છે કે તમને કેવા પ્રકારનો માથાનો દુખાવો છે તણાવ અને તાણને કારણે માથાનો દુખાવો તમારા માથાની બંને બાજુઓ અથવા તમારા માથાની આસપાસ બેન્ડ. માઇગ્રેનનો માથાનો દુખાવો અથવા હોર્મોનલ માથાનો દુખાવો તમારા માથાની એક બાજુ. ક્લસ્ટર માથાનો દુખાવો તમારા માથાની એક બાજુ, ખાસ કરીને તમારી આંખમાં અથવા તેની આસપાસ.

હું કેવી રીતે જાણી શકું કે મારો માથાનો દુખાવો મગજ સંબંધિત છે?

માથાનો દુખાવો જે તમને ઊંઘમાંથી જગાડે છે, સવારે વધુ ખરાબ થાય છે, ક્રમશ: બગડે છે અને ઓવર-ધ-કાઉન્ટર દવાઓથી સુધરતું નથી, ઉધરસ અથવા આગળ ઝુકવાથી વધુ ખરાબ થાય છે અથવા અન્ય કોઈપણ ન્યુરોલોજીકલ લક્ષણો સાથે સંકળાયેલા હોય તો ભવિષ્યમાં વધુ ખરાબ પરિસ્થિતિને ટાળવા માટે ચિકિત્સકની મુલાકાત અને સલાહ ઉપયોગી છે.

દરરોજ માથાનો દુખાવો થવાના કારણો શું છે? મારા માથાનો દુખાવો કેમ દૂર થતો નથી?અમુક પરિબળો સામાન્ય ટ્રિગર્સ છે, જેમ કે ઊંઘમાં વિક્ષેપ, ડિહાઇડ્રેશન, છોડવામાં આવેલ ભોજન, ઉપવાસ, અંતર્ગત રોગની સ્થિતિ અને B12 અને આયર્નના-Hb સ્તરનો અભાવ, કેટલાક ખોરાક, હોર્મોનની વધઘટ અને થોડા રસાયણો (દા.ત., ભારે પ્રદૂષિત હવા)નો સંપર્ક. સતત માથાનો દુખાવો કરોડરજ્જુમાં ઈજા અથવા માળખાકીય સમસ્યાને કારણે થઈ શકે છે, જેમ કે સંધિવા. તે એવા લોકોને પણ અસર કરી શકે છે જેમને માઇગ્રેન હોય અથવા સ્ટ્રોક થયો હોય. પીડા રાહત દવાઓના વધુ પડતા ઉપયોગથી સતત માથાનો દુખાવો થઈ શકે છે. માથાનો દુખાવો સામાન્ય ન્યુરોલોજીકલ પરિસ્થિતિઓ છે જે લાંબા સમય સુધી ચાલુ રહે તો તબીબી સલાહ લેવી જરૂરી છે.

સ્ત્રીઓમાં દરરોજ માથાનો દુખાવો શા માટે થાય છે? જ્યારે પણ એસ્ટ્રોજનના સ્તરમાં વધઘટ થાય ત્યારે માથાનો દુખાવો શરૂ થઈ શકે છે, જેમાં તમારા માસિક ચક્રના સમયની આસપાસ એસ્ટ્રોજનના સ્તરમાં ઘટાડો થવાનો સમાવેશ થાય છે. મેનોપોઝની શરૂઆતની આસપાસ અને જ્યારે તેઓ હિસ્ટરેકટમી કરાવે છે ત્યારે સ્ત્રીઓને વધુ માથાનો દુખાવો પણ થઈ શકે છે. આયર્ન, કેલ્શિયમ અને સૂક્ષ્મ પોષકતત્ત્વો સાથેનો સંપૂર્ણ ખોરાક એ સ્ત્રીઓમાં આવા માથાનો દુખાવો ટાળવા માટેની ચાવી છે.

કરોડરજ્જુને કારણે માથાનો દુખાવો? કરોડરજ્જુનો માથાનો દુખાવો શું છે?કરોડરજ્જુનો માથાનો દુખાવો કરોડરજ્જુની આસપાસના પટલ (ડ્યુરા મેટર) માં પંચર છિદ્ર દ્વારા કરોડરજ્જુના પ્રવાહીના લિકેજને કારણે થાય છે. આ લિકેજ મગજ અને કરોડરજ્જુ પર કરોડરજ્જુના પ્રવાહી દ્વારા દબાણમાં ઘટાડો કરે છે, જે માથાનો દુખાવો તરફ દોરી જાય છે.હાઈ બ્લડ પ્રેશરને કારણે માથાનો દુખાવો કેવી રીતે ઓળખી શકાય?હાઈ બ્લડ પ્રેશરને કારણે થતા માથાનો દુખાવો સામાન્ય રીતે સ્પંદનીય સંવેદનાનું કારણ બને છે જે માત્ર એક બાજુને બદલે સમગ્ર માથા પર અનુભવાય છે. જો તમારો માથાનો દુખાવો ગંભીર હોય, અચાનક થાય, અથવા છાતીમાં દુખાવો અથવા શ્વાસ લેવામાં તકલીફ હોય, તો તાત્કાલિક તબીબી સલાહ મેળવો. તે હૃદયની નિષ્ફળતા અથવા કાર્ડિયાક સ્ટ્રોકનું બીજું કારણ હોઈ શકે છે. ત્વરિત જાગૃતિ અને તાત્કાલિક તબીબી સલાહ બિમારીઓ અને મૃત્યુને બચાવી શકે છે

ડિહાઇડ્રેશનને કારણે માથાનો દુખાવો? જ્યારે તમારા શરીરને પૂરતા પ્રમાણમાં પ્રવાહી મળતું નથી ત્યારે ડિહાઇડ્રેશન સંબંધિત માથાનો દુખાવો થાય છે. હળવું ડિહાઇડ્રેશન પણ માથાનો દુખાવો પેદા કરી શકે છે. સામાન્ય રીતે, માથાના દુખાવાની સાથે નિર્જલીકરણના અન્ય લક્ષણો જેમ કે થાક, ચક્કર, ભારે તરસ અને શુષ્ક મોં દેખાય છે. ડિહાઇડ્રેશનના કેટલાક પ્રારંભિક ચેતવણી ચિહ્નોમાં નીચેનાનો સમાવેશ થાય છે તરસ લાગે છે અને માથાનો દુખાવો થાય છે, સુકાયેલું મોં, થાક, ઘાટા રંગનું, તીવ્ર ગંધવાળું પેશાબ, સામાન્ય કરતાં ઓછી વાર પેશાબ કરવો.

તણાવના કારણે-માથાનો દુખાવો?? માઇગ્રેનને કારણે માથાનો દુખાવો??ટેન્શનને કારણે માથાનો દુખાવો એ પુખ્ત વયના લોકો અને કિશોરોમાં માથાનો દુખાવોનો સૌથી સામાન્ય પ્રકાર છે. તેઓ હળવાથી મધ્યમ પીડાનું કારણ બને છે અને સમય જતાં આવે છે અને જાય છે. તેઓ સામાન્ય રીતે અન્ય કોઈ લક્ષણો ધરાવતા નથી. માઈગ્રેનને માથાનો દુખાવો ઘણીવાર ધબકતા, ધબકારા મારતા પીડા તરીકે વર્ણવવામાં આવે છે. તેઓ 4 કલાકથી 3 દિવસ સુધી ટકી શકે છે અને સામાન્ય રીતે મહિનામાં એકથી ચાર વખત થાય છે. પીડાની સાથે, લોકોમાં અન્ય લક્ષણો હોય છે, જેમ કે પ્રકાશ, અવાજ અથવા ગંધ પ્રત્યે સંવેદનશીલતા; ઉબકા અથવા ઉલટી; ભૂખ ન લાગવી; અને અસ્વસ્થ પેટ અથવા પેટમાં દુખાવો. જ્યારે બાળકને માઇગ્રેનને હોય, ત્યારે તે નિસ્તેજ દેખાઈ શકે છે, ચક્કર આવી શકે છે અને અસ્પષ્ટ દ્રષ્ટિ, તાવ અને પેટમાં અસ્વસ્થતા હોઈ શકે છે. થોડી સંખ્યામાં બાળકોના માઈગ્રેનમાં પાચન સંબંધી લક્ષણોનો સમાવેશ થાય છે, જેમ કે ઉલ્ટી, જે મહિનામાં લગભગ એક વાર થાય છે.

માથાના દુખાવા માટે ઘરગથ્થુ ઉપચાર

શરીરની હાઇડ્રેશન જાળવવા માટે પુષ્કળ પાણી પીવો ડિહાઇડ્રેશનના કારણે માથાનો દુખાવો ટાળવા માટે, દિવસભર પૂરતું પાણી પીવા અને ફળો અને શાકભાજી જેવા પાણીયુક્ત ખોરાક ખાવા પર ધ્યાન કેન્દ્રિત કરો. થોડું મેગ્નેશિયમ લો મેગ્નેશિયમ એ રક્ત ખાંડના નિયમન અને ચેતા પ્રસારણ સહિત શરીરમાં અસંખ્ય કાર્યો માટે જરૂરી એક મહત્વપૂર્ણ ખનિજ છે. રસપ્રદ વાત એ છે કે, મેગ્નેશિયમ પણ માથાનો દુખાવો માટે સલામત, અસરકારક ઉપાય તરીકે દર્શાવવામાં આવ્યું છે. પુરાવા સૂચવે છે કે મેગ્નેશિયમની ઉણપ એવા લોકોમાં વધુ સામાન્ય છે જેમને વારંવાર આધાશીશી માથાનો દુખાવો થતો હોય છે. જો કે, મેગ્નેશિયમ સપ્લિમેન્ટ્સ લેવાથી કેટલાક લોકોમાં ઝાડા જેવી પાચન આડઅસર થઈ શકે છે, તેથી માથાનો દુખાવોના લક્ષણોની સારવાર કરતી વખતે નાના ડોઝથી પ્રારંભ કરવું શ્રેષ્ઠ છે અને જો તમને ડોઝ સંબંધિત પ્રશ્નો હોય તો હેલ્થકેર પ્રોફેશનલને પૂછો. દારૂ ટાળો આલ્કોહોલનું સેવન તણાવ માથાનો દુખાવો અને ક્લસ્ટર માથાનો દુખાવો માટે પણ જોખમી પરિબળ છે, જે માથાનો દુખાવોના સૌથી ગંભીર પ્રકારોમાંનો એક છે. એવી ઘણી રીતો છે કે જેમાં આલ્કોહોલ માથાના દુખાવાને ઉત્તેજિત કરે છે તેવું માનવામાં આવે છે, જેમાં બળતરા ઉશ્કેરે છે, ચોક્કસ ચેતાકોષીય માર્ગોને સક્રિય કરે છે, ડિહાઇડ્રેશનમાં ફાળો આપે છે અને રક્તવાહિનીઓ પહોળી કરે છે. પૂરતી ઊંઘ લો, હિસ્ટામાઇન વધુ હોય તેવા ખોરાકને ટાળો,આવશ્યક તેલ અજમાવો- મેડિકલ રિસર્ચ સૂચવે છે કે જ્યારે તમને માથાનો દુખાવો હોય ત્યારે પેપરમિન્ટ, લવંડર અને નીલગિરીના આવશ્યક તેલ ખાસ કરીને મદદરૂપ થાય છે, બી-કોમ્પ્લેક્સ વિટામિન લો કેટલાક બી વિટામિન્સ પણ માથાના દુખાવા સામે રક્ષણાત્મક અસર કરી શકે છે. કેટલાક અભ્યાસોએ દર્શાવ્યું છે કે રિબોફ્લેવિન (B2), ફોલેટ, B12 અને પાયરિડોક્સિન (B6) સહિત ચોક્કસ B વિટામિન સપ્લિમેન્ટ્સ માથાનો દુખાવોના લક્ષણોને ઘટાડી શકે છે. બી-કોમ્પ્લેક્સ સપ્લિમેન્ટ્સમાં તમામ આઠ B વિટામિન્સ હોય છે અને તે માથાનો દુખાવોના લક્ષણોની કુદરતી રીતે સારવાર કરવાની સલામત, ખર્ચ-અસરકારક રીત છે. ઠંડા કોમ્પ્રેસથી પીડાને શાંત કરો કોલ્ડ કોમ્પ્રેસનો ઉપયોગ તમારા માથાનો દુખાવોના લક્ષણોને ઘટાડવામાં મદદ કરી શકે છે તમારી ગરદન અથવા માથાના વિસ્તારમાં ઠંડા અથવા સ્થિર કોમ્પ્રેસ લાગુ કરવાથી બળતરા ઘટે છે, ચેતા વહન ધીમી પડે છે અને રક્તવાહિનીઓ સંકુચિત થાય છે, આ બધું માથાનો દુખાવો ઘટાડવામાં મદદ કરી શકે છે. સહઉત્સેચક Q10 લેવાનો વિચાર કરો Coenzyme Q10 (CoQ10) એ શરીર દ્વારા કુદરતી રીતે ઉત્પન્ન થતો પદાર્થ છે જે ઊર્જા ઉત્પાદનમાં ભૂમિકા ભજવે છે અને શક્તિશાળી એન્ટીઑકિસડન્ટ તરીકે કાર્ય કરે છે. તબીબી સંશોધન અધ્યયનોએ દર્શાવ્યું છે કે CoQ10 સપ્લિમેન્ટ્સ લેવાથી માથાના દુખાવાની સારવાર માટે અસરકારક કુદરતી રીત હોઈ શકે છે. કેફીનયુક્ત ચા અથવા કોફી પીવો કેફીન મૂડ સુધારે છે, સતર્કતા વધારે છે અને રક્તવાહિનીઓને સંકુચિત કરે છે, આ બધાની માથાનો દુખાવોના લક્ષણો પર હકારાત્મક અસર થઈ શકે છે.

જો તમને ગંભીર અને લાંબા સમયથી માથાનો દુખાવો થતો હોય તો કોઈપણ ઘરેલું ઉપાય કરતા પહેલા સાવચેત રહો. ઘરગથ્થુ ઉપચારો દ્વારા સ્વ-સારવાર કરતા પહેલા જો તમને ગંભીર માથાનો દુખાવો હોય તો ચિકિત્સકની સલાહ લેવી સલાહભર્યું છે!!!

નવા વર્ષના નૂતન સંકલ્પો અને લોકસંપર્કનો ભવ્ય ઉત્સવ!

નૂતન વર્ષના મંગલમય પ્રારંભ નિમિત્તે ગુજરાતની તમામ ૧૮૨ વિધાનસભા બેઠકો પર આયોજિત નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમ અંતર્ગત સાવરકુંડલા વિધાનસભા ક્ષેત્રના અટલધારા કાર્યાલય ખાતે નૂતન વર્ષ સ્નેહમિલન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું









પોતાના ગામમાં કોઈ વ્યક્તિ આયુષ્માન ભારત કાર્ડ વગરન રહે,કોઈ સીનીયર વ્યક્તિ સુવિધા સીટીઝન વગરન રહે ગામમાં ઉકરડા ચુકત ન રહે અને જળ બચાવો અભિયાન તેવાવિધાનસભાના કાર્યકર્તાને અનુરોધ કરતા - શ્રી કસવાલા



સ્નેહ મિલન કાર્યક્રમમાં વિધાનસભાના મંડળ પ્રમુખ શ્રીઓ તેમજ નવ નિયુકત મહિલા મોરચાના પ્રમુખશ્રીઓનું તેમજ સન્માન કરવામાં આવ્યું

■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

આ પ્રસંગે દેશના યશસ્વી પ્રધાનમંત્રી અને વિશ્વના લોકપ્રિય નેતા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું વર્ચ્યુઅલ માધ્યમથી પ્રેરણાદાયી માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. પ્રધાનમંત્રીશ્રીએ સંગઠનની શકિત, કાર્યકર્તાઓની ભૂમિકા, રાષ્ટ્રસેવા અને જનકલ્યાણના સંકલ્પને વધુ મજબૂત બનાવવા અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમના વિચારો અને પ્રેરણાદાયી સંદેશથી ઉપસ્થિત કાર્યકર્તાઓમાં નવી ઊર્જા અને ઉત્સાહનો સંચાર થયો હતો.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલજી, પ્રદેશ પ્રભારીશ્રી **તરુણ ચુઘજી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માજીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ પણ રહી હતી. આ મહાનુભાવોના માર્ગદર્શન અને શુભેચ્છાઓએ નૂતન વર્ષના પ્રારંભે સંગઠનના કાર્યકર્તાઓમાં નવી પ્રેરણા અને સંગઠન પ્રત્યેની જવાબદારીની ભાવનાને વધુ પ્રબળ બનાવી હતી.આ સ્નેહમિલન માત્ર શુભેચ્છાઓની આપ-લે પૂરતું મર્યાદિત ન રહેતાં સંગઠનની એકતા, પરસ્પર વિશ્વાસ, સહકાર અને જનસેવાના નવા સંકલ્પને દૃઢ બનાવવાનું પ્રેરણાદાયી માધ્યમ બન્યું હતું. સૌએ સાથે મળીને સાવરકુંડલા-લીલીયા મતવિસ્તારના સર્વાંગી વિકાસ, લોકોની સુખાકારી અને ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવા માટે સતત કાર્યરત રહેવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ ઉપસ્થિત સૌ કાર્યકર્તા મિત્રો અને પરિવારજનોને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે સંગઠનની એકતા, કાર્યકર્તાઓના પરસ્પર સ્નેહ અને સમર્પણની ભાવના સાથે જનસેવાના કાર્યોને વધુ વેગવાન બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા પંચાયતનાં પ્રમુખ શ્રીમતી દક્ષાબેન ચોડવડીયા, અમરેલી જિલ્લા પંચાયતની જાહેર બાંધકામ સમિતિના ચેરમેન શ્રી પ્રકાશભાઈ પાનસુરીયા, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના ચેરમેન શ્રી દીપકભાઈ માલાણી,શ્રી રજનીભાઇ ડોબરીયા પ્રમુખ સાવરકુંડલા તાલુકા ભાજપ , શ્રી અનિરુદ્ધસિંહ રાઠોડ પ્રમુખ સાવરકુંડલા શહેર ભાજપ ,શ્રી આનંદભાઈ ધાનાણી પ્રમુખ લીલીયા તાલુકા ભાજપ ,પ્રભારી શ્રી ભીખાભાઈ ધોરાજીયા, સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારના સંગઠનના વિવિધ મોરચા પ્રમુખશ્રીઓ, મહામંત્રીશ્રીઓ, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના સદસ્યો, નગરપાલિકાના સદસ્યો, ભારતીય જનતા પાર્ટીના વિવિધ મોરચાના હોદ્દેદારો, કાર્યકરો તેમજ ગામેગામના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.સદસ્યશ્રી જીલ્લા પંચાયત શ્રી દીપકભાઈ માલાણી ચેરમેન માર્કેટીંગ યાર્ડ , શ્રી મહેશભાઈ લાખાણી વાઇસ ચેરમેન માર્કેટિંગ યાર્ડ સાવરકુંડલ,.ગામના સરપંચશ્રીઓ, સહીત તેમજ તાલુકા પંચાયત,સદસ્યશ્રીઓ ,હોદ્દેદારશ્રીઓ,સંગઠનના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વ. જ્યોત્સનાબેન દિલીપભાઈ દોશીની ૨૨મી પુણ્યતિથિ નિમિત્તે હ. માતૃશ્રી વિમળાબેન હિંમતલાલ દોશી દ્વારા શ્રી કૃષ્ણ ગૌશાળામાં પાંચ દિવસ ગૌમાતાને ખોળ/ગોળ/લીલાં ઘાસચારા માટેનું ૩.૫૦ હજારનું અનુદાન



■ **પદ્મ પ્રકાશ કુંજ - સાવરકુંડલા**

સાવરકુંડલાના વતની હાલ મુંબઈ ખાતે વસવાટ કરતા જૈન સમાજના વિમલયાત્રા પરિવાર દ્વારા સ્વ. જ્યોત્સનાબેન દિલીપભાઈ દોશીની ૨૨મી પવિત્ર પુણ્યતિથિ નિમિત્તે સાવરકુંડલા નેસડી રોડ પર આવેલ શ્રી કૃષ્ણ ગૌશાળા પાંજરાપોળ ખાતે માવજત પામતાં ૧૫૦ ઉપરાંત ના ગૌવંશની સેવા અને જીવદયાના ભાવ સાથે સતત પાંચ દિવસ સુધી ગૌવંશ ને ખોળ/ગોળ/લીલાં ઘાસચારાનું ભોજન અર્પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ઉદારદિલ અને સખાવતી સ્વભાવ ધરાવતા શ્રી દિલીપભાઈ હિંમતભાઈ દોશીએ પોતાની અત્યંત વ્યસ્તતા વચ્ચે પણ અમૂલ્ય સમય ફાળવી શ્રી કૃષ્ણ ગૌશાળાની રૂબરૂ મુલાકાત લીધી હતી.

ગૌશાળાની મુલાકાત દરમિયાન તેમણે ગૌમાતાની સેવા નિહાળી રાજીપો વ્યક્ત કર્યો હતો. પોતાના હસ્તે ગૌમાતાને લીલો ઘાસચારા ખવડાવી ગૌસેવાનો લાભ પણ લીધો હતો.આ ઉપરાંત ગૌશાળામાં નિર્માણ પામી રહેલા નૂતન શેડનું તેમણે ખૂબ જ ઝીણવટપૂર્વક અને બારીકાઈથી નિરીક્ષણ કર્યું હતું. શેડ માટે ચાલી રહેલી બાંધકામ કામગીરી તથા ગૌશાળામાં ગૌમાતાની સુવિધા માટે થઈ રહેલા વિવિધ સેવાકીય કાર્યો નિહાળી આનંદ અને સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

ગૌશાળાની સેવાકીય પ્રવૃત્તિઓમાં દીવસ રાત મહેનત કરી રહેલ ગૌભક્ત શ્રી જયેશભાઇ માટલિયા ની મુક્તકંઠે સરાહના કરી હતી.ખરેખર, સ્વજનની સ્મૃતિને જીવદયા અને ગૌસેવા જેવા પવિત્ર કાર્ય સાથે જોડીને પાંચ દિવસ સુધી ગૌમાતાને ભોજન અર્પણ કરવું એ પરિવારની સંસ્કારસભર ભાવના અને જીવમાત્ર પ્રત્યેની કરુણાનું સુંદર ઉદાહરણ છે.

આ પ્રસંગે તેમની સાથે જૈન સમાજના અગ્રણી શ્રી જયેશભાઈ દોશી, શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટના પ્રમુખ શ્રી રાજુભાઈ બોરીસાગર, ગૌસેવાભાવી શ્રી જયેશભાઈ માટલીયા, શ્રી મનોજભાઈ મહેતા, શ્રી કુશાંગ ગોહેલ, શ્રી નીતિનભાઈ ભરખડા સહિત ગૌસેવકો પણ ઉપસ્થિત રહ્યા હતા.શ્રી કૃષ્ણ ગૌ સેવા ટ્રસ્ટ પરીવાર સાવરકુંડલા તરફથી સ્વ. જ્યોત્સનાબેનને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી દોશી પરિવારનો ગૌસેવા અને જીવદયાના આ ઉમદા યોગદાન બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

જીવદયા એ જ સાચી માનવતા... ગૌસેવા એ જ પ્રભુસેવા.

જિલ્લા રોજગાર કચેરી દ્વારા અમરેલી ૨૬ નવેમ્બરે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા.૨૩ નવેમ્બર, ૨૦૨૬ - રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલી દ્વારા આગામી તા. ૨૬ નવેમ્બર ગુરૂવારના રોજ જિલ્લા રોજગાર વિનિમિય કચેરી, અમરેલી ખાતે સવારે ૧૧.૦૦ કલાકથી અનુબંધમ પોર્ટલના માધ્યમથી રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં આઈ.ટી.એમ સ્કીલ એકેડમી (આઈ.સી.આઈ.સી.આઈ) બેંક દ્વારા રિલેશનીપ મેનેજર, લાયકાત ગ્રેજ્યુએશન ૫૦ ટકા સાથે ૧૮થી ૨૫ વર્ષની વય મર્યાદા ધરાવતા ઉમેદવારો માટે તક છે. આ જગ્યા માટે રૂ. ૨૫,૦૦૦ પગાર આપવામાં આવશે. જયારે આઈ.સી.આઈના હોમ ફાઈનાનસ દ્વારા આસિસ્ટન્ટ મેનેજર લાયકાત એમ.બી.એ અને ૨૨ વર્ષથી ૨૬ વર્ષની મર્યાદા ધરાવાત ઉમેદવારો માટે તક છે.

આ જગ્યા માટે રૂ. ૩૩,૩૩૩ સુધી પગાર આપવામાં આવશે. જયારે એચ.ડી.એફ.સી લાઈફ ઈન્શ્યુરન્સ (અમરેલી) દ્વારા એરિયા મેનેજરની જગ્યા માટે ગ્રેજ્યુએશન અને ૨ વર્ષનો સેલ્સ અનુભવ ધરાવતા ઉમેદવારની આવશ્યકતા છે. જયારે એજન્સી પાર્ટનરની જગ્યા માટે ધો. ૧૨ પાસ અને ફાઈનાન્સિયલ એડવાઈઝર માટે ધો. ૧૦ પાસની શૈક્ષણિક લાયકાત ધરાવતા માટે વિવિધ રોજગારની તકો ઉપલબ્ધ રહેશે. ઉમેદવારોએ પોતાની શૈક્ષણિક લાયકાતના મૂળ પ્રમાણપત્રો, આધારકાર્ડ તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળામાં ઉપસ્થિત રહેવું.આ ભરતી મેળામાં ઉમેદવારોએ પાતોના બાયોડેટા, શૈક્ષણિક પ્રમાણપત્રો, પાસપાપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ, આધાર કાર્ડ, અનુભવનું પ્રમાણપત્ર સાથે રાખવાનું રહેશે. વધુ માહિતી માટે જિલ્લા રોજગાર વિનિમિય કચેરી અમરેલીનો ફોન નંબર ૦૨૭૯૨ ૨૨૩૩૯૪ પર સંપર્ક કરી શકાય છે.